


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 104
Dt.: 24-12-2025,
Wednesday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in







### બાંગ્લાદેશ હાઈકમિશન સામે VHPનું હલ્લાબોલ

# બાંગ્લાદેશમાં હિન્દુ યુવકની હત્યા મામલે ભારતમાં આક્રોશ

**પીડિત પરિવારને ન્યાય મળે તેવી માંગ કરી રહ્યા હતી: આ દરમિયાન, કાર્યકરોએ બેરિકેડ્સ હટાવવાનું શરૂ કર્યું**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

વિશ્વ હિન્દુ પરિષદ (VHP) ૨૩મી ડિસેમ્બર ૨૦૨૫ના રોજ દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કરી રહી છે.

તાજેતરમાં બાંગ્લાદેશમાં એક હિન્દુ યુવાન દીપુ ચંદ્રાની હત્યા કરવામાં આવી હતી, જેના કારણે દિલ્હીમાં બાંગ્લાદેશ હાઈ કમિશનની બહાર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. દિલ્હી પોલીસ અને VHP કાર્યકરો વચ્ચે ઘર્ષણ પણ થયું હતું. વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો આજે સવારે ૧૧ વાગ્યાથી બાંગ્લાદેશ હાઈ કમિશનની બહાર એકઠા થઈ રહ્યા હતા, પીડિત પરિવારને ન્યાય મળે તેવી માંગ કરી રહ્યા હતી. આ દરમિયાન, કાર્યકરોએ બેરિકેડ્સ હટાવવાનું શરૂ કર્યું, જેના કારણે દિલ્હી પોલીસે તેમને વિખેર્યા. પોલીસે કેટલાક કાર્યકરોની અટકાયત કરી હતી. બાંગ્લાદેશમાં દીપુની હત્યાના પગલે દિલ્હી, કોલકાતા, ભોપાલ અને જમ્મુ સહિત દેશભરમાં વિરોધ પ્રદર્શનો થયા છે. દિલ્હીમાં કાર્યકરોએ મોહમ્મદ યુનુસનું પુતળું બાળ્યું હતું. બાંગ્લાદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકો, ખાસ કરીને તબીબી વિદ્યાર્થીઓની સુરક્ષા અંગે પણ ચિંતા વધી રહી છે. મંગળવારે સવારે ૧૦ વાગ્યા પહેલા બાંગ્લાદેશમાં ભારતના હાઈ કમિશનર પ્રણય વર્માને વિદેશ મંત્રાલયમાં સમન્સ પાઠવવામાં આવ્યા હતા. આ બેઠકમાં ભારતના ડેપ્યુટી હાઈ કમિશનર પણ હાજર હતા. બાંગ્લાદેશના વિદેશ સચિવ અસદ અલ સિયામે હાઈ કમિશનરને સમન્સ પાઠવ્યા હતા. ભારતના વિવિધ ભાગોમાં બાંગ્લાદેશી મિશનોને લગતી વધતી સુરક્ષા ચિંતાઓને કારણે પ્રણય વર્માને સમન્સ પાઠવવામાં આવ્યા હતા. તેમને ભારતમાં તમામ બાંગ્લાદેશી મિશન પર સુરક્ષા વધુ મજબૂત બનાવવા માટે વિનંતી કરવામાં આવી હતી. પ્રણય વર્માને પણ ૧૪મી ડિસેમ્બરે સમન્સ પાઠવવામાં આવ્યા હતા. તે સમયે બાંગ્લાદેશે પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાના સતત ભડકાઉ નિવેદનો પર ચિંતા વ્યક્ત કરી હતી અને ઈક્લાબ મંચના પ્રવક્તા શરીફ ઉસ્માન હાદીના હત્યારાને ભારત ભાગી જતા અટકાવવા માટે ભારતનો સહયોગ માંગ્યો હતો. બાંગ્લાદેશે વિનંતી કરી હતી કે જો આરોપી ભારતમાં ઘૂસે છે, તો તેને તાત્કાલિક ધરપકડ કરવામાં આવે અને બાંગ્લાદેશને સોંપવામાં આવે.





### RFID કાર્ડ મળ્યા બાદ સમય મર્યાદા નક્કી

# શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડ' દ્વારા યાત્રાના નિયમોમાં મોટો ફેરફાર કરાયો

**દર્શન કર્યા બાદ ૨૪ કલાકની અંદર કટડા બેઝ કેમ્પમાં પરત ફરવું પણ ફરજિયાત રહેશે આ નિયમ તાત્કાલિક અસરથી લાગુ કરી દેવામાં આવ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

નવા વર્ષના અવસરે માતા વૈષ્ણોદેવીના દર્શને જવાનું વિચારી રહેલા શ્રદ્ધાળુઓ માટે આ મહત્ત્વના સમાચાર છે. દર વર્ષે ઉમટી પડતી ભારે ભીડને ધ્યાનમાં રાખીને 'શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડ' દ્વારા યાત્રાના નિયમોમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. બોર્ડના જણાવ્યા અનુસાર, આ નિર્ણયનો હેતુ ભક્તોની યાત્રાને વધુ સુરક્ષિત અને સરળ બનાવવાનો છે. નવા નિયમો મુજબ, હવે શ્રદ્ધાળુઓએ RFID કાર્ડ મેળવ્યાના ૧૦ કલાકની અંદર પોતાની યાત્રા શરૂ કરવી પડશે. આટલું જ નહીં, દર્શન કર્યા બાદ ૨૪ કલાકની અંદર કટડા બેઝ કેમ્પમાં પરત ફરવું પણ ફરજિયાત રહેશે. આ નિયમ તાત્કાલિક અસરથી લાગુ કરી દેવામાં આવ્યો છે. શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે, યાત્રાનો નવો સમય મર્યાદાનો નિયમ દરેક શ્રદ્ધાળુ માટે સમાન રીતે લાગુ પડશે. ભલે શ્રદ્ધાળુઓ પગપાળા યાત્રા કરતા હોય અથવા હેલિકોપ્ટર, બેટરી કાર, ઘોડા કે પાલખી જેવી સુવિધાઓનો ઉપયોગ કરતા હોય, તમામ યાત્રાના પ્રકારો માટે નિર્ધારિત સમયમાં મુસાફરી પૂર્ણ કરવી હવે ફરજિયાત રહેશે.

મુસાફરોની સુવિધા અને જાગૃતિ માટે રજીસ્ટ્રેશન સેન્ટર પર તૈનાત કર્મચારીઓને ખાસ સૂચના આપવામાં આવી છે કે તેઓ કટડા પહોંચતા દરેક યાત્રીને આ નવા ફેરફારો અને સમય મર્યાદા વિશે વારંવાર માહિતગાર કરે, જેથી કોઈ પણ ભક્તને યાત્રા દરમિયાન મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

અગાઉ RFID કાર્ડ મેળવ્યા પછી યાત્રા શરૂ કરવાની કોઈ કડક સમય મર્યાદા નહોતી. ભક્તો પોતાની અનુકૂળતા મુજબ ગમે ત્યારે યાત્રા શરૂ કરી શકતા હતા અને પરત ફરવા માટે પણ કોઈ નિશ્ચિત સમય નહોતો. જેના કારણે ઘણા લોકો 'ભવન' વિસ્તારમાં લાંબો સમય રોકાઈ જતા હતા, પરિણામે ટ્રેક પર ભીડ વધી જતી અને અન્ય યાત્રીઓને મુશ્કેલી પડતી હતી.

નવા વર્ષના ૩-૪ દિવસ પહેલા કટડામાં શ્રદ્ધાળુઓની સંખ્યા વધી જાય છે. ટ્રેક પર વધુ પડતી ભીડને કારણે સુરક્ષા અને કટોકટીના સમયે મદદ પહોંચાડવી મુશ્કેલ બને છે. આથી, 'ટાઈમ-બેઝ્ડ સિસ્ટમ' દ્વારા ભીડને યોગ્ય રીતે મેનેજ કરવામાં આવશે.

નવા નિયમોના અમલીકરણથી વૈષ્ણોદેવીના ટ્રેક પર ભીડનું વ્યવસ્થિત સંચાલન થશે, જેના પરિણામે ટ્રાફિકમાં નોંધપાત્ર ઘટાડો આવશે અને શ્રદ્ધાળુઓ માટે યાત્રા વધુ સરળ અને સુગમ બનશે. આ વ્યવસ્થાનો સૌથી મોટો ફાયદો એ થશે કે ખરાબ હવામાન અથવા કોઈ શ્રદ્ધાળુની તબિયત લથડવા જેવી કટોકટીની સ્થિતિમાં વહીવટીતંત્ર દ્વારા ઝડપી તબીબી સહાય પહોંચાડી શકાશે. આ ઉપરાંત, સમય મર્યાદા નક્કી થવાથી શ્રદ્ધાળુઓએ કડકડતી ઠંડીમાં લાંબો સમય રોકાવું નહીં પડે, જે ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને મહિલાઓની સુરક્ષા અને સ્વાસ્થ્ય માટે ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થશે. યાત્રીઓની સુવિધા માટે કટડા રેલ્વે સ્ટેશન પર આવેલું રજીસ્ટ્રેશન સેન્ટર હવે રાત્રે ૧૨ વાગ્યા સુધી ખુલ્લું રહેશે. આનાથી મોડી રાત્રે પહોંચતા મુસાફરોને પણ રાહત થશે અને લાંબી લાઈનોમાં ઊભા રહેવું નહીં પડે.

# મેક્સિકોમાં મેડિકલ ઈમરજન્સી માટે જતું નેવીનું એરક્રાફ્ટ ક્રેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)મેક્સિકા

મેક્સિકોમાં એરક્રાફ્ટ ક્રેશ થવાની ગંભીર દુર્ઘટના બની છે. રિપોર્ટ મુજબ નેવીનું મેડિકલ વિમાન ક્રેશ થયું છે, જેમાં દર્દી સહિત પાંચ લોકોના મોત થયા છે. આ એરક્રાફ્ટ મેડિકલ મિશન માટે જઈ રહ્યું હતું, ત્યારે આ દુર્ઘટના સર્જાઈ છે.

એરક્રાફ્ટ અમેરિકાના ટેક્સાસ રાજ્યના ગેલ્વેસ્ટનના કૉજવેના બેઝ પાસે ક્રેશ થયું હોવાની માહિતી મળતા જ નેવીની ટીમ તુરંત ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન પાંચ લોકોના મોત થયા હોવાની પુષ્ટી થઈ છે.

પ્રાથમિક તપાસ મુજબ એરક્રાફ્ટના એન્જિનમાં કોઈ કામી થઈ હોવાનું સામે આવ્યું છે.નેવીના એક અધિકારીએ કહ્યું કે, ગેલ્વેસ્ટન હ્યૂસ્ટનથી લગભગ ૮૦ કિલોમીટર દૂર દક્ષિણ-પૂર્વમાં આવેલું છે. અગાઉ પણ મેક્સિકોમાં આવી દુર્ઘટના થઈ ચુકી છે.






### યુરોપીયન સંઘે નાખેલી ૪૫.૩% ટેરિફ સામે વળતો પ્રહાર

# યુરોપીયન સંઘના ડેરી ઉત્પાદનો પર ચીને ૪૨.૭% ટેરિફ લાદી

(સંપૂર્ણ સમાચાર સેવા)હોંગકોંગ

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વના દેશો પર લાદેલું ટેરિફ વોર દિવસેને દિવસે વધુ વકરી રહ્યું છે. અમેરિકાના પગલે હવે તેના કટ્ટર હરીફ ચીને યુરોપીયન સંઘ પર ૪૨.૭ ટકા કામચલાઉ ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. આ ટેરિફ યુરોપીયન સંઘમાં સામેલ દેશોની દૂધ અને ચીઝ સહિતની ડેરી પ્રોડક્ટ્સ પર લાદવામાં આવશે.આ વધારાનો ટેરિફ મંગળવારથી તાત્કાલિક અસરથી અમલી બનશે. વાસ્તવમાં યુરોપીયન સંઘે ચીન દ્વારા ઈલેક્ટ્રિક વાહનોને અપાતી સબસિડી અંગે તપાસ હાથ ધર્યા બાદ ચીનના ઈલેક્ટ્રિક વાહનો પર ૪૫.૩ ટકા ટેરિફ લાદ્યો હતો. આ મામલે ચીન અને યુરોપીયન સંઘ વચ્ચે વિવાદ પેદા થયો હતો. ત્યારબાદ, યુરોપીયન સંઘના દેશો દ્વારા તેમના ડેરી ઉત્પાદનો અને અન્ય કૃષિ પેદાશોને અપાતી જંગી સબસિડીનો ચીનના વાણિજ્ય મંત્રાલયે ૨૦૨૪માં કરેલી તપાસમાં થયેલાં ખુલાસાને પગલે ચીને આ ટેરિફ ઝિંકવાની જાહેરાત કરી છે.યુરોપીયન સંઘના ડેરી ઉત્પાદનો પર લાદવામાં આવેલો આ કામચલાઉ ટેરિફ ૨૧.૯ ટકાથી ૪૨.૭ ટકા જેટલો રહેશે તેમ ચીનના વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું હતું. જેમાં તાજી અને પ્રોસેસ્ડ ચીઝ, બ્લુ ચીઝ, દૂધ અને ક્રીમ તથા ફેટનો સમાવેશ થાય છે. મંત્રાલય દ્વારા આ મામલે એક નિવેદનમાં જણાવાયું હતું કે, મંત્રાલયની તપાસમાં એવું બહાર આવ્યું છે કે, યુરોપીયન સંઘ અને તેના સભ્ય દેશો દ્વારા તેમના ડેરી ઉત્પાદનોને અપાતી સબસિડીથી ચીનના ડેરી ઉદ્યોગને ભારે નુકસાન થયું છે. ગયા સપ્તાહે બેઈજિંગે યુરોપીયન સંઘમાંથી આયાત કરાતાં પોર્ક પર ૧૯.૮ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. આ અગાઉ જુલાઈ મહિનામાં બેઈજિંગે ળાન્સની કોનિયાક સહિતની યુરોપીયન સંઘના દેશોમાંથી આયાત કરાતી બ્રાન્ડી પર ૩૪.૯ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી.

# તંત્રી લેખ......

## અરવલ્લીની વ્યાખ્યાઃ વિવાદને વ્યાખ્યાયિત કરવો જરૂરી છે

અરવલ્લી પર્વતોની વ્યાખ્યાને લગતા વિવાદ અંગે, કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રીએ સ્પષ્ટતા કરી કે અરવલ્લી પ્રદેશ સંપૂર્ણપણે સુરક્ષિત છે અને ખાણકામ ફક્ત ૦.૧૯ ટકા વિસ્તારમાં જ થશે. જો કે, શંકા છે કે આનાથી વિવાદનો ઉકેલ આવશે. આનું કારણ સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂ કરાયેલો અહેવાલ છે, જેમાં જણાવાયું છે કે ફક્ત ૧૦૦ મીટરથી ઊંચી ટેકરીઓ જ અરવલ્લી પર્વતમાળાનો ભાગ ગણાશે. જો આ વ્યાખ્યા સ્વીકારવામાં આવે તો તેનો અર્થ એ થશે કે ૯૯ મીટરથી ઊંચી ટેકરીઓ હવે અરવલ્લીનો ભાગ રહેશે નહીં. જો આવું થાય, તો એવો ભય છે કે અરવલ્લીના મોટા વિસ્તારમાં ખાણકામ ખુલી શકે છે.

આ ભય દૂર કરવો યોગ્ય રહેશે. આ કરવા માટે, એ સ્પષ્ટ કરવું જરૂરી રહેશે કે ઉપરોક્ત વ્યાખ્યા સ્વીકારવામાં આવે તો પણ અરવલ્લી વિસ્તારના માત્ર ૦.૧૯ ટકા વિસ્તારમાં જ ખાણકામ થશે કે નહીં. આ કહેવું મુશ્કેલ છે કે આવું છે કે નહીં, પરંતુ એ જરૂરી છે કે અરવલ્લી ક્ષેત્રમાં ખાણકામ મર્યાદિત હોય અને ગેરકાયદેસર ખાણકામ ખરેખર કોઈપણ કિંમતે બંધ કરવામાં આવે. એ હકીકત છે કે અનેક પ્રતિબંધો છતાં, અરવલ્લી ક્ષેત્રમાં ગેરકાયદેસર ખાણકામના અહેવાલો બહાર આવતા રહે છે. વન અને પર્યાવરણ મંત્રીએ એ પણ સ્પષ્ટતા કરી કે દ્નઝઇ ક્ષેત્રમાં ખાણકામની મંજૂરી નથી અને ઘણા લોકોએ આ અંગે ભ્રમ ફેલાવ્યો છે. જોકે, દ્નઝઇ ની બહારના વિસ્તારોમાં ખાણકામના અવકાશ અંગે પણ સ્પષ્ટતા જરૂરી છે. ગેરકાયદેસર ખાણકામ સામાન્ય રીતે ત્યાં થાય છે જ્યાં કાયદેસર ખાણકામની પરવાનગી હોય છે. અરવલ્લી પર્વતમાળાને વિશ્વની સૌથી જૂની પર્વતમાળા માનવામાં આવે છે. તે મેદાનોને રણની રેતીથી બચાવવા માટે અવરોધ તરીકે કામ કરે છે. એવું માનવામાં આવે છે કે આ પર્વતમાળાએ થાર રણને હરિયાણા, રાજસ્થાન અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ફેલાતા અટકાવ્યું હતું. અરવલ્લી થાર રણ અને બાકીના પ્રદેશ વચ્ચેના વાતાવરણને સંતુલિત કરવામાં અને ભૂગર્ભજળના સંચાલનમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. અરવલ્લી પ્રદેશ ઘણી નદીઓનો સ્ત્રોત હોવાથી, ખાણકામ ક્યારેય ચોક્કસ મર્યાદાથી વધુ ન હોવું જોઈએ. આ ખાસ કરીને સાચું છે કારણ કે અરવલ્લી પર્વતો ધૂળના તોફાનોને અટકાવે છે અને આમ પ્રદૂષણ ઘટાડવામાં ફાળો આપે છે. શું તે રહસ્ય છે કે દિલ્હી-એનસીઆર અને તેની આસપાસ પ્રદૂષણની સમસ્યા વધુને વધુ ગંભીર બની રહી છે? અરવલ્લી પ્રદેશમાં ચૂનાના પથ્થર, આરસપહાણ અને ગ્રેનાઈટ તેમજ સીસું, જસત, તાંબુ અને ટંગસ્ટન જેવા ખનિજો હોવાથી, પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વિના તેમને કાઢવાના પ્રયાસો કરવા જોઈએ. અરવલ્લી અંગે પર્યાવરણ અને વિકાસ વચ્ચે સંપૂર્ણ સંતુલન જાળવવામાં આવે તેની ખાતરી કરવી જોઈએ.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાનો વાયદો રૂ.૧.૩૮ લાખ અને ચાંદીનો વાયદો રૂ.૨.૧૬ લાખના સ્તરને પારઃ ક્રૂડ તેલમાં રૂ.૧૭નો સુધારો

**કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૬૦૭૯.૩૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૧૪૯૬૦.૪ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૮૪૧૦.૯૦ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૪૨૯૦ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૫૧૦૪૮.૮૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૬૦૭૯.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૧૪૯૬૦.૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૪૨૯૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૪૬૯.૪૪ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૮૪૧૦.૯૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૮૨૯૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૮૪૪૪ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૩૭૮૨૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૬૭૪૪ના આગલા બંધ સામે રૂ.૧૪૪૮ વધી રૂ.૧૩૮૧૯૨ થયો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૦૫૨ વધી રૂ.૧૧૦૦૪૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૫૩ વધી રૂ.૧૩૭૮૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૫૨ વધી રૂ.૧૩૬૦૯૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૬૧૩૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૬૫૦૪ અને નીચામાં રૂ.૧૩૫૩૮૮ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૪૯૧૬ના આગલા બંધ સામે રૂ.૧૪૮૨ વધી રૂ.૧૩૬૩૯૮ થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૧૪૪૯૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૧૬૫૯૬ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૨૧૪૪૯૮ના મથાળે અથડાઈ, રૂ.૨૧૨૮૭૨ના આગલા બંધ સામે રૂ.૨૮૭૮ વધી રૂ.૨૧૫૭૫૦ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૨૬૭૬ વધી રૂ.૨૧૬૨૭૭ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૨૭૪૭ વધી રૂ.૨૧૬૩૧૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.૪૧૬૬.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.૧૬.૬૫ વધી રૂ.૧૧૩૮.૩ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર વાયદો રૂ.૩.૪૫ વધી રૂ.૩૦૬.૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો રૂ.૨.૩ વધી રૂ.૨૮૬.૮ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો ૫૫ પૈસા વધી રૂ.૧૮૨.૩૫ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૩૪૯૫.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૯૭૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૦૧૯ અને નીચામાં રૂ.૩૯૭૦ના સ્તરને સ્પર્શી, રૂ.૪૨ વધી રૂ.૪૦૦૬ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૨૩૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૨૫૫ અને નીચામાં રૂ.૫૨૨૫ના સ્તરને સ્પર્શી, રૂ.૫૨૨૩ના આગલા બંધ સામે રૂ.૧૭ વધી રૂ.૫૨૪૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૧૫ વધી રૂ.૫૨૪૦ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૭.૨ વધી રૂ.૩૫૮.૪ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૭.૮ વધી રૂ.૩૫૮.૫ થયો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૩૦ના ભાવે ખૂલી, રૂ.૧.૨ વધી રૂ.૯૩૨.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૯૮ના ભાવે ખૂલી, રૂ.૬ વધી રૂ.૨૬૯૬ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૬૫૯૬.૫૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧૧૮૧૪.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૩૫૨૮.૭૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૮૯.૧૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૧૭.૯૮ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૪૩૦.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૦.૭૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૩૬૪.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૩૧૨૦.૦૪ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૦.૨૨ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૭૧૪૩ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૮૧૧૦૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૧૯૦૦ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૨૮૬૩૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૬૦૦૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૭૦૨૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૧૩૮૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૦૮૦૭૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૨૨ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૧૪૨૪ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૪૯૮૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૪૩૧૯ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૪૩૫૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૪૨૩૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૮૧ પોઈન્ટ વધી ૩૪૨૯૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૫.૯ વધી રૂ.૧૮૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૦ પૈસા વધી રૂ.૩.૫૫ના ભાવે બોલાયો હતો. સોનું ડિસેમ્બર રૂ.૧૩૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧૦.૫ વધી રૂ.૧૩૪૦.૫ થયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૨૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૬૨ વધી રૂ.૨૫૨૫ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૧૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭.૯૫ વધી રૂ.૯.૮૫ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૫૦ પૈસા ઘટી રૂ.૦.૨૭ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૨.૭ ઘટી રૂ.૧૪૭.૭ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૨ ઘટી રૂ.૧.૬૫ થયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૩૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૬ ઘટી રૂ.૫૧૫ થયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૨૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૩૫૪.૫ ઘટી રૂ.૧૮૬૯ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૧૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૯૪ ઘટી રૂ.૦.૪ થયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૫૪ ઘટી રૂ.૯.૦૪ થયો હતો.

## જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં ગાજવીજ સાથે વીજળી પડવાની ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

આ વિસ્તારોમાં ૫૦ થી ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. જમ્મુ-કાશ્મીર અને લદાખમાં ગાજવીજ સાથે વીજળી પડવાની પણ ચેતવણી આપવામાં આવી છે, જેના કારણે પ્રવાસન અને સ્થાનિક વાહનવ્યવહાર પર મોટી અસર પડી શકે છે.હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીરમાં કુદરતનો મિજાજ બદલાયો છે.

હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં આ રાજ્યોના ઉંચાઈવાળા વિસ્તારોમાં ભારે વરસાદ અને હિમવર્ષા સાથે બરફીલા તોફાનનું એલર્ટ જાહેર કર્યુ છે.

આ વિસ્તારોમાં ૫૦ થી ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. જમ્મુ-કાશ્મીર અને લદાખમાં ગાજવીજ સાથે વીજળી પડવાની પણ ચેતવણી આપવામાં આવી છે, જેના કારણે પ્રવાસન અને સ્થાનિક વાહનવ્યવહાર પર મોટી અસર પડી શકે છે.

સમગ્ર ઉત્તર ભારત અત્યારે કડાકાની ઠંડીની ચપેટમાં છે. પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન જેવા રાજ્યોમાં લઘુત્તમ તાપમાન ૫ થી ૧૦ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે નોંધાયું છે. ખાસ કરીને ઉત્તર પ્રદેશના બારાબંકીમાં તાપમાન ગગડીને ૪.૫ ડિગ્રી સુધી પહોંચી ગયું છે, જે મેદાની વિસ્તારોમાં સૌથી ઓછું છે. ૨૮ ડિસેમ્બર સુધી બિહાર, ઝારખંડ અને ઓડિશા સહિતના રાજ્યોમાં વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાયેલું રહેશે, જેને કારણે વિઝિબિલિટી ઘટતા વાહન ચાલકોને મુશ્કેલી પડી રહી છે.

## ગુજરાતના દરિયાકાંઠે ઊભરતું વૈશ્વિક ગૌરવ એટલે અલંગ શિપ રિસાયક્લિંગ હબ



કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તાર માટે વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ (VGRC)ની બીજી આવૃત્તિ જાન્યુઆરી ૨૦૨૬માં રાજકોટ ખાતે યોજાવા જઈ રહી છે, જેમાં ગુજરાત ફરી એકવાર પોતાની દરિયાઈ શક્તિને વિશ્વ સમક્ષ સ્પષ્ટ રીતે રજૂ કરવા જઈ રહ્યું છે.

ગુજરાત મેરિટાઈમ બોર્ડના માર્ગદર્શન હેઠળ વિકસિત અલંગ - સોસિયા શિપ રિસાયક્લિંગ યાર્ડ આજે વિશ્વમાં મોટા અને વિશ્વસનીય શિપ રિસાયક્લિંગ હબમાંથી એક ગણાય છે, જે વૈશ્વિક શિપ રિસાયક્લિંગ ક્ષેત્રમાં લગભગ ૩૨ ટકા યોગદાન આપે છે. રાજ્ય સરકારે બનાવેલી નીતિઓ, પારદર્શક વ્યવસ્થા, સુરક્ષા માપદંડો અને પર્યાવરણ માટેની પ્રતિબદ્ધતાઓને કારણે અલંગ આજે ગુજરાતની મેરિટાઈમ વિકાસયાત્રાનો જીવંત દાખલો બની ગયું છે.

અલંગમાં અત્યાર સુધી ૮,૮૦૦ થી વધુ જહાજોનું સુરક્ષિત અને નિયમિત રીતે રિસાયક્લિંગ થયું છે, જેમાંથી મળતી સામગ્રીનો ૯૯.૯૫ ટકા સુધીનો પુનઃઉપયોગ થતો હોવાથી આ સ્થળ ગ્રીન-ઈકોનોમી મોડલનું ઉત્તમ ઉદાહરણ છે. જોખમી હોય કે બિનજોખમી સામગ્રી, દરેકનો વૈજ્ઞાનિક નિકાલ અહીં સુનિશ્ચિત થાય છે. અલંગમાં હાલ ૧૨૮ માંથી ૧૧૫ પ્લોટ્સ સંપૂર્ણ "હોંગ કોંગ કન્વેનશન (HKC) કોમ્પલિઅન્ટ" છે, અને જૂન ૨૦૨૫થી HKC વૈશ્વિક સ્તરે અમલમાં આવતા અલંગને વિશ્વનું સૌથી વિશ્વસનીય ગ્રીન રિસાયક્લિંગ સેન્ટરની માન્યતા મળી છે.

અલંગ શીપ રીસાયકલીંગ યાર્ડ તાલીમ સંસ્થા, કામદરો માટે મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ (લેવલ-૩) ટ્રોમા સેન્ટર અને અદ્યત્તન કચરો વ્યવસ્થાપન સુવિધાઓ વગેરે જેવી સુવિધાઓ સાથે સુસજ્જ છે. શીપ રિસાયક્લિંગ પ્રક્રિયામાંથી ઉત્પન્ન થતા કચરાનું નિદાન TSDF સાઈટ ખાતે કરવામાં આવે છે, જેના માટે સાઈટના અપગ્રેડેશન (ઉન્નતિકરણ) નું કામ હાલ પ્રગતિ હેઠળ છે. ભાવિ રીસાયકલીંગ વોલ્યુમને પહોંચી વળવા માટે GMB એ રૂા.૧૨૨૪ કરોડના ખર્ચે અલંગના માસ્ટર પ્લાનીંગ પર કામ પૂર્ણ કરેલ છે. જે નજીકના ભવિષ્યમાં ૪.૫ મીલીયન LDT ની વર્તમાન શીપ રીસાયકલીંગ યાર્ડની ક્ષમતાને બમણું કરશે.

ગુજરાત સરકારનો મહત્ત્વાકાંક્ષી દૃષ્ટિકોણ

વર્ષ ૨૦૨૪—૨૫ દરમિયાન વૈશ્વિક પડકારો વચ્ચે પણ અલંગે સ્થિર કામગીરી નોંધાવી અને ૧૧૩ જહાજોનું રિસાયક્લિંગ કર્યું. વર્ષ ૨૦૨૫-૨૬ની શરૂઆતમાં જહાજોના આગમનમાં ૧૩ ટકા વૃદ્ધિ નોંધાતા ક્ષેત્રમાં ફરી સકારાત્મક ગતિ દેખાઈ રહી છે. ગુજરાત સરકારે ૨૦૨૫માં અલંગ માટે એક મહત્ત્વાકાંક્ષી દૃષ્ટિકોણ રજૂ કર્યો છે, આગામી ૧૦ વર્ષમાં ૧૫,૦૦૦ જહાજોનું રિસાયક્લિંગ કરવાનું મિશન, જેમાં અલંગની ક્ષમતાને ૪.૫ મિલિયન LDTથી વધારીને ૯ મિલિયન LDT સુધી વિસ્તૃત કરવાનો દૃષ્ટિકોણ રજૂ કર્યો છે. સાથે જ હેલ્થકેર, કામદારોની સુવિધાઓ, દરિયાઈ કૌશલ્ય તાલીમ અને પર્યાવરણમિત્ર ટેક્નોલોજીની સુવિધાઓને વધુ મજબૂત બનાવવાની તૈયારી શરૂ છે.

રાજકોટ ખાતે ૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૬માં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કૉન્ફરન્સ-કચ્છ અને સૌરાષ્ટ્રમાં અલંગને માત્ર રિસાયક્લિંગ યાર્ડ તરીકે નહીં, પરંતુ રાજ્યની મેરિટાઈમ શક્તિ, ગ્રીન ટેક્નોલોજી, સરળ અને અનુકૂળ વ્યવસાયિક પરિસ્થિતિના ઉત્તમ ઉદાહરણ તરીકે રજૂ કરવામાં આવી રહ્યું છે. પરિષદ રોકાણકારો અને નિષ્ણાતોને ગુજરાતની દરિયાઈ ક્ષમતાઓ સાથે જોડે છે અને શિપ રિસાયક્લિંગ ક્ષેત્રમાં ભવિષ્યના વિકસતી અવસરોને ઉજાગર કરે છે.

### યોજના અંતર્ગત બાળકોને આપવામાં આવે છે સુખડી, ચણા ચાટ, મિક્સ કઠોળ, મીલેટનો અલ્પાહાર

# મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના થકી રાજ્યના ૪૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને મળી રહ્યું છે શિક્ષણ સાથે પોષણ

દેશમાં સુશાસનના મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયીની જન્મજયંતી એટલે કે ૨૫ ડિસેમ્બરનો દિવસ 'સુશાસન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે સુશાસનના મૂલ્યોને અનુસરતાં નાગરિકોના સર્વાંગી કલ્યાણ માટે વિવિધ યોજનાઓની શરૂઆત કરી છે. આમાં એક મહત્વની યોજના છે- મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના, જે બાળકોના શિક્ષણ સાથે પોષણ પણ સુનિશ્ચિત કરે છે. આ યોજનાનો લાભ ગુજરાતના ૪૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને મળી રહ્યો છે. બાળકોના શિક્ષણ સાથે પોષણ પર ભાર મૂકતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, "સરકારી શાળામાં મધ્યાહન ભોજન ઉપરાંત મુખ્યમંત્રી અલ્પાહાર યોજના અંતર્ગત તાજો અને પૌષ્ટિક નાસ્તો આપવામાં આવી રહ્યો છે, જેના પરિણામે સરકારી શાળાઓ પ્રત્યે બાળકોનો લગાવ વધ્યો છે અને સાથે જ બાળકોમાં પોષણના સ્તરમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. આ ઉપરાંત, સરકારી શાળાઓમાં આધુનિક ક્લાસરૂમ, પાણી, વીજળી, શૌચાલય, સ્વચ્છતા, ટ્રાન્સપોર્ટેશન સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં કોઈ કચાશ ન રહી જાય તે માટે રાજ્ય સરકાર હંમેશા કટિબદ્ધ છે."

મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાએ સુશાસનને આપી નવી દિશા



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તેમના ૩ વર્ષના કાર્યકાળ દરમિયાન સુશાસન, સેવા અને વિકાસના નવા ધોરણો સ્થાપિત કર્યા છે. તેમણે લોકકલ્યાણકારી યોજનાઓ દ્વારા રાજ્યની પ્રજાનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરીને સુશાસનને નવી દિશા આપી છે. ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રીશ્રીએ ૧૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના'ની શરૂઆત કરી હતી. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ સુપોષિત ગુજરાત મિશન હેઠળ સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને પી.એમ. પોષણ યોજના હેઠળ આપવામાં આવતા બપોરના ભોજન ઉપરાંત પૌષ્ટિક અલ્પાહાર મળે એ સુનિશ્ચિત કરવાનો છે.

મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાઃ ૪૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને મળે છે કેલરી-પ્રોટીનયુક્ત અલ્પાહાર

પી.એમ.પોષણ યોજના હેઠળ આવરી લેવાયેલ તમામ શાળાઓમાં હાજર રહેલા વિદ્યાર્થીઓ 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના' હેઠળ નિયમિત લાભ લે છે. મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના અંતર્ગત સરેરાશ ૨૦૦ કિલોકેલરી અને ૬ ગ્રામ પ્રોટીન ધરાવતો પૌષ્ટિક અલ્પાહાર વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. હાલ, રાજ્યની ૩૨,૨૬૫ જેટલી પ્રાથમિક શાળાઓના ૪૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને કેલરી-પ્રોટીનયુક્ત અલ્પાહાર મળી રહ્યો છે.

વિદ્યાર્થીઓની શાળામાં હાજરીથી માંડીને તેમના પોષણના સ્તરમાં નોંધપાત્ર વધારો થયો

ગાંધીનગરના દહેગામ તાલુકાના અહમદપુર પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાનો લાભ મળી રહ્યો છે. આ યોજના કેવી રીતે બાળકો માટે લાભદાયી નીવડી છે, તે અંગે શાળાના પ્રિન્સિપલ શ્રી હસમુખભાઈ પટેલે જણાવ્યું હતું કે, "મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના શરૂ થઈ તે બાદ વિદ્યાર્થીઓની શાળામાં હાજરીથી માંડીને તેમના પોષણના સ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે. ગ્રામ્ય વિસ્તારમાં માતા-પિતા રોજિંદા કામ માટે જતા હોય એટલે બાળકોને જમ્યા વગર શાળાએ આવવું પડતું હોય છે. મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના શરૂ થઈ એ પહેલાં સ્થિતિ એવી હતી કે, ઘણાં બાળકો નિયમિત શાળાએ ન આવતા અને ભણવામાં પણ એમનું મન ન લાગતું. આ યોજના શરૂ થયા બાદ વિદ્યાર્થીઓ નિયમિત શાળાએ આવતા થયા છે. એટલું જ નહીં, અલ્પાહાર યોજનાના કારણે કુપોષિત બાળકોની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. વિદ્યાર્થીઓને અલ્પાહારમાં કઠોળ આપવામાં આવે છે તેના કારણે તેમનો શારિરીક વિકાસ પણ થઈ રહ્યો છે. ગુજરાત સરકારની આ સંવેદનશીલ યોજના બાળકોના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે."

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'પઢાઈ ભી, પોષણ ભી'ના ધ્યેયને સાકાર કરી રહી છે ગુજરાત સરકાર

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના હેઠળ બાળકોને સુખડી, ચણા ચાટ, મિક્સ કઠોળ, મીલેટનો અલ્પાહાર આપવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના માટે રૂા.૬૧૭.૬૭ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે.

ગુજરાત પીએમ પોષણ યોજના હેઠળ ભોજન ઉપરાંત બાલવાટિકાથી ધોરણ-૮ સુધીના તમામ વિદ્યાર્થીઓને અલ્પાહાર આપવાનો નિર્ણય લેનાર અગ્રીમ રાજ્ય છે. ગુજરાત સરકાર આ પોષણલક્ષી યોજનાના અમલ દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'પઢાઈ ભી, પોષણ ભી'ના ધ્યેયને સાકાર કરી રહી છે.

### હિન્દુઓના વસિયતનામાને લઈને મોટો નિર્ણય

## વસિયત માટે ફરજિયાત પ્રોબેટ-કોર્ટે માન્યતા લેવાની જરૂર રહેશે નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

ભારતની સંસદે સુધારો કરીને હિન્દુઓ સહિત અનેક સમુદાયોને અનેક કેસોમાં વસિયત માટે ફરજિયાત પ્રોબેટ-કોર્ટે માન્યતા લેવાની જરૂર રહેશે નહીં.

પ્રોબેટના નિયમોના જાણકારોનું કહેવું છે કે મૃત સ્વજનના વસિયતનામાનો અમલ કરવા માટે પહેલા પ્રોબેટ લેવો પડતો હતો. આ પ્રોબેટ મેળવવામાં ઘણીવાર બારથી અઢાર મહિના લાગી જતા હતા. તેમ જ પ્રોબેટ મેળવવા માટે ૫૦ હજાર રૂપિયાથી વધારેનો ખર્ચ પણ થઈ જતો હતો. હવે આ ખર્ચની જફામાંથી મુક્તિ મળી જશે.

અંગ્રેજોનના સમયથી વસિયતનો અમલ કરાવવા માટે કોર્ટની માન્યતા મેળવવાનો નિયમ હતો. ભારતની સંસદે કોર્ટની માન્યતા લેવાની સિસ્ટમને કાઢી નાખવાનો નિર્ણય કર્યો હોવાથી દેશના અનેક પરિવારો માટે વસિયતનો અમલ કરાવવો સરળ બની જશે. ભારતની સંસદમાં જૂના કાયદાઓ રદ કરતા અને સુધારાઓ અમલમાં લાવતા ખરડા-પસાર કરી દેવામાં આવતા આ સુધારો અમલમાં આવી ગયો છે. પ્રસ્તુત બિલના માધ્યમથી ૭૧ જૂના અને વર્તમાન સમયમાં અપ્રસ્તુત ગણાતા કાયદાઓ રદ કરવામાં આવ્યા છે.

તદુપરાંત ચાર અન્ય કાયદાઓમાં ફેરફાર કરીને કાયદાકીય માળખું સરળ બનાવવામાં આવ્યું છે. બ્રિટીશ કાળથી અમલમાં આવેલી ભેદભાવપૂર્ણ જોગવાઈઓ દૂર કરી દેવામાં આવી છે.લોકસભામાં મંજૂરી બાદ રાજ્યસભામાં પણ મૌખિક મતદાનથી પ્રસ્તુત બિલ પસાર કરી દેવામાં આવ્યું છે.

કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે જણાવ્યું કે, આ કાયદો નાગરિકોના ઈઝ ઓફ લીવિંગ-જીવનની સરળતા-વધારવા માટે લાવવામાં આવ્યો છે, કારણ કે તે બિનજરૂરી કાનૂની અડચણો ઊભી કરતી જૂની જોગવાઈઓ દૂર કરે છે. આ સુધારો ભારતીય વારસા અધિનિયમ, ૧૯૨૫ની કલમ ૨૧૩ સાથે સંબંધિત છે. હાલના કાયદા મુજબ બોમ્બે પર આ જોગવાઈ લાગુ પડતી ન હતી, જેના કારણે ધર્મ અને ભૂગોળ આધારિત અસમાનતા સર્જાતી હતી.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

# ઉ. કેલિફોર્નિયામાં પૂરથી જળબંબાકારઃ એકનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)રેડિંગ (કેલિફોર્નિયા)


ઉત્તર કેલિફોર્નિમાં આવેલાં પૂરના કારણે ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા, જેનાં કારણે રાહત બચાવ ટુકડીના જવાનોને પાણીમાં ફસાયેલા અને ઘરોમાં ફસાઇ ગયેલા લોકોનું રેસ્ક્યુ કરવાની ફરજ પડી હતી. જો કે આ કુદરતી હોનારતમાં એક વ્યક્તિનું મોત થયું હોવાનું સત્તાવાળાઓએ સ્વિકાર્યું છે. પોલીસે કહ્યું હતું કે રવિવારે રેડિંગ શહેરમાં તેઓને પાણીમાં ફસાઇ ગયેલાં સેંકડો લોકોના મદદ માટેના ફોન આવ્યા હતા. આ દુર્ઘટનામાં એક નાગરિકનું મોત થયું છે એમ શહેરના મેયરે જણાવ્યું હતું.જો કે મેયરે આ સિવાય વધુ કોઇ માહિતી આપી નહોતી. ૯૩,૦૦૦ લોકોની વસ્તી ધરાવતું રેડિંગ શહેર કેલિફોર્નિયાના પાટનગ સેક્રામેન્ટોથી ૨૫૭ કિ.મી ઉત્તરે આવેલું છે. બે નાના નગરોમાં રવિવારની રાત્ર સુધીમાં ૩ થી ૬ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો એમ અમેરિકાની નેશનલ વેધર સર્વિસે કહ્યું હતું.કેલિફોર્નિયાના આર્થિક પાટનગર ગણાતા આ શહેરમાં શનિવારે વીજળી ડૂલ થઇ જતાં શહેરના ૧.૩૦ લાખ જેટલા ઘરો અને ઓફિસોમાં અંધારપટની સ્થિતિ સર્જાઇ હતી, પરંતુ રવિવારે ડૂલ થયેલી વીજળી પાછી આવી જતાં અંધારપટ દૂર થયો હતો અને શહેર ઉપર આવી પડેલી આફત દૂર થઇ હતી. રવિવારની બપોર સુધી ૧૭૦૦૦ જેટલા ગ્રાહકોને વીજળી વિના રહેવું પડ્યું હતું એમ પેસિફિક ઈલેક્ટ્રીક કંપનીએ કહ્યું હતું.

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ગુજરાતના ૨૬ આઈએએસ અધિકારીઓની બદલીઓ: સંજીવકુમાર ને મુખ્યમંત્રીના અગ્ર સચિવની મળી જવાબદારી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયમાં વહિવટી સ્તરે મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. ગુજરાત સરકારના સામાન્ય વહિવટ વિભાગ દ્વારા આજે ૨૩ ડીસેમ્બર ના રોજ મોડી સાંજે ભારતીય વહિવટી સેવા (આઈએઅસ ) ના અધિકારીઓની મોટાપાયે બઢતી સાથે બદલી ના આદેશ જાહેર કરવામાં આવ્યા છે. સરકાર દ્વારા ગુજરાતના ૨૬ આઈએએસ અધિકારીઓની એક સાથે બઢતી સાથે બદલી કરવામાં આવી છે. મુખ્યમંત્રી કાર્યાલય (સીએમઓ) માં મોટા ફેરફાર કરવામાં આવ્યા છે.




વનપર્યાવરણ વિભાગના અગ્રસચિવ સંજીવ કુમારને હવે મુખ્યમંત્રીના અગ્રસચિવ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે અને તેઓ ગૃહવિભાગનો વધારાનો હવાલો પણ સંભાળશે, તેમજ ડોકટર વિક્રાંત પાંડે જેઓ મુખ્યમંત્રીના સચિવ હતા તેમના હોદ્દાનુ નામ હવે મુખ્યમંત્રીના અધિક અગ્રસચિવ કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત કેન્દ્રમાંથી પરત ફરેલા અજયકુમારને મુખ્યમંત્રીના સચિવ તરીકે નિમણુંક આપી તેમને ગુજરાત મેરીટાઈમ બોર્ડના વીસી અને સીઈઓ નો વધારાનો ચાર્જ સોંપાયો છે. રમેશચંદ્ર મીનાને કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગના અગ્રસચિવ તરીકે મુકવામાં આવ્યા છે. જયારે અરૂણકુમાર એમ સોલંકીને તે જ વિભાગમાં (સહકાર, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ ) અધિક મુખ્ય સચિવ તરીકે નિમણુંક અપાઈ છે. શિક્ષણ વિભાગમાં મુકેશકુમારને ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણના અગ્ર સચિવ તરીકે અને મીલીંદ શીવરામ તોરવાણે ને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણના અગ્રસચિવ તરીકે બદલી કરવામાં આવી છે. નાણાં વિભાગમાં સંદીપકુમારને સચિવ(આર્થિક બાબતો) અને જેનુ દેવનને સચિવ (ખર્ચ ) તરીકે નિયુકત કરાયા છે. સુ.શ્રી આરતી કંવરને અમદાવાદ ખાતે રાજયવેરાના મુખ્ય કમિશ્નર બનાવવામાં આવ્યા છે. મહેસુલ નિરીક્ષણ કમિશ્નર રાજેશ મંજુ હવે સ્ટેમ્પ સુપ્રિટેન્ડેન્ટ નો વધારાનો હવાલો સંભાળશે. રાજીવ ટોપનોને આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ તરીકે નિમણુંક અપાઈ છે. જયારે આ પદ પરથી ધનજંય દ્વિવેદીને બદલી કરીને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવ બનાવવામાં આવ્યા છે. કેન્દ્રમાંથી પરત ફરેલા ડો.સંધ્યા ભુલ્લર ને આરોગ્ય કમિશ્નર (શહેરી ) તરીકે નિયુકત કરાયા છે.

# દાદાની સરકારમાં વધુ એક મુશ્કેલી: ઉત્તર ગુજરાતના ખેડુતોને ૧૨ જાન્યુ. મહાસંમેલન: ૧૯ પડતર માંગણીઓ સાથે ખેડુતો કરશે ગાંધીનગરમાં કુચ

પ્રતિનિધિ,ગાંધીનગર

દાદાની સરકારમાં વધુ એક આંદોલનના મંડાણ વર્તાઈ રહ્યા છે. ભારતીય કિસાન સંઘે આગામી ૧૨ જાન્યુઆરીના રોજ ગાંધીનગર સ્થિત ગુજરાત વિધાનસભા સામે ઉત્તર ગુજરાતના ખેડુતોના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે એક વિશાળ સંમેલન યોજવાની જાહેરાત કરી છે. રાજયભરમાંથી ૧૫ હજારથી વધુ ખેડુતો ૧૯ મુદ્દાઓ પર સરકાર સમક્ષ પોતાની નારાજગી વ્યકત કરવા જોડાશે તેવી અપેક્ષા છે. આ નિર્ણય તાજેતરમાં મળેલી એક બેઠક લેવાયો હતો. ખેડુતો જમીન સંપાદન, વળતર , પાક વીમો અને ખેતી ખર્ચ સંબંધિત સમસ્યાઓનો લાંબા સમયથી સામનો કરી રહ્યા છે.



ભારતીય કિસાન સંઘ મહેસાણાના મંત્રી રતિભાઈ એચ પટેલે ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે ખેડુતોના ૧૯ જેટલા પ્રશ્નો અંગે ૧૨ જાન્યુઆરીના રોજ ગાંધીનગર ખાતે ૧૫ હજાર થી વધુ ખેડુતો ઉમટી પડશે. ઉત્તર ગુજરાતના ખેડુતોને જમીન સંપાદન માટે જાહેર કરાયેલુ રૂપીયા ૩ લાખનુ વળતર વધારીને રૂપીયા ૫ લાખ કરવાનુ વચન અપાયુ હોવા છતાં આજદીન સુધી વધારાનુ વળતર મળ્યુ નથી, આ ઉપરાંત ગુજરાત સરકારના હિસ્સાના વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ ની વ્યાજ સહાય પણ ખેડુતોના ખાતામાં જમા થઈ નથી. તેવો આક્ષેપ કરાયો હતો. ખેડુતોની મુખ્ય માંગણીઓમાં ખાતર, દવાઓ, બિયારણ અને ઓજારો પર ૦ ટકા જીએસટી લાગુ કરવો, પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના ફરીથી શરૂ કરવી, દુધ પર લીટર દીઠ રૂપીયા ૫ ની સબસીડી આપવી, દુધની બનાવટો પરનો જીએસટી નાબુદ કરવો અને ખેડુતોને પોષણક્ષમ ભાવ મળે તે માટે એમએસપી યોજના દાખલ કરવી, વગેરેનો સમાવેશ થાય છે. જમીન અને વળતર અંગે, કિસાન સંઘે વિકાસના નામે રોડ રસ્તા, વીજ લાઈનો, ટાવરો, ઓએનજીસીના કુવા, પાઈપ લાઈન અને મહાનગરપાલિકાની ટીપી સ્કીમ હેઠળ ખેડુતોની જમીનના અન્યાયી સંપાદન સામે વાંધો ઉઠાવ્યો છે. તેઓ ખેડુતોની પરવાનગી વિના ૪૦ ટકા સુધી કપાત અને અપુરતા વળતર સામે પણ નારાજગી વ્યકત કરી રહ્યા છે. સંઘે જમીન માલીકની મંજુરી વિના પાઈપ લાઈન કે વીજ ટાવર ન નાખવા, ભાડામાં દર વરસે મોંઘવારી દર મુજબ વધારો કરવા અને જમીન સંપાદન થતા ભુમીહીન બનતા નાના અને સીમાંત ખેડુતોના પરીવારના એક સભ્યને સરકારી નોકરી આપવાની માંગ કરી છે.

વિજળી અને પાણીના મુદ્દે, ખેડુતો પીયત માટે નહેરમાં પાણીની અછતને કારણે વીજ કનેકશન લીધા હોય તેવા ખેડુતોને હોર્સ પાવર કે મીટર આધારીત કનેકશનમાંથી પસંદગીની તક આપવા માંગણી કરી રહ્યા છે. આનુષંગિક સેવાઓમાં ખેડુતોને ખેતરે જવા આવવા માટે રોડ રસ્તાઓની સુવિધા પુરી પાડવા અને રાઈટ ટુ વે નીતી અપનાવી ૭/૧૨ અને ૮-અ માં રોડ રસ્તાઓની નોંધ કરવા જણાવ્યુ છે. રી-સર્વેની અરજીઓનો ખાસ ઝુંબેશ ઉપાડી ખેડુત ખાતેદારોની હાજરીમાં ઝડપી નિકાલ કરવાની પણ માંગ છે.

બજાર વ્યવસ્થા અને ભેળસેળના મામલે, માર્કેટ યાર્ડમાં વજન ઘટ, બારદાન વજન વધઘટ, મજુરી, હવાના કપાત જેવી પ્રથાઓ બંધ કરવા તથા ઉત્તર ગુજરાતમાં નકલી ખાતર, દવા અને બિયારણના ખુલ્લેઆમ વેચાણ પણ રોક લગાવી સબસીડી યુકત ખાતરના ગેરકાયદેસર વેચાણ સામે કડક કાર્યવાહી કરવા કિસાન સંઘે વિનંતી કરી છે. સંસ્થાકીય સુધારાઓ માટે, ઉત્તર ગુજરાતના ખેડુતોના ઉત્કર્ષ માટે એરંડા અને દુધ વિકાસ બોર્ડની સ્થાપના કરવાની માંગ છે. ગ્રામિણ વિકાસ અંતર્ગત દરેક ગામના ગૌચર અને સીમમાં જવા આવવાના રોડ રસ્તાઓને તારની વાડ બનાવી આપવા અને ગામડાઓમાં ફરજીયાત સ્માર્ટ મીટરનો અમલ ન કરવાની માંગ પણ સામેલ છે.

# હર્ષ સંઘવીની પોલીસ અધિકારીઓને ટકોર: નવી વસ્તુઓ શીખવા માટે ઈગો બહાર મુકીને આવવુ પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ ખાતે આજે મંગળવારથી બે દિવસીય રાજયસ્તરીય ક્રાઈમ કોન્ફરન્સનુ આયોજન કરવામાં આવ્યુ છે. રાજયમાં કાયદો વ્યવસ્થાની પરીસ્થિતિ અને નવા સમયના પડકારોની વ્યાપક સમિક્ષા કરવામાં આવશે. ત્યારે ક્રાઈમ કોન્ફરન્સમાં નાયબ મુખ્યમંત્રીએ પોલીસ અધિકારીઓને ટકોર કરી હતી. કાર્યક્રમમાં હર્ષ સંઘવીએ તમામ પોલીસ અધિકારીઓને મોબાઈલ બહાર મુકાવડાવ્યા હતા.




નાયબ મુખ્યમંત્રીએ પોલીસ અધિકારીઓને મોબાઈલ બહાર મુકવાની સુચના આપી હતી. જેથી તમામ સીનીયર આઈપીએસ અધિકારીઓએ પોતાની ગાડીઓ બોલાવીને મોબાઈલ બહાર મુકાવ્યા હતા. જો કે કોન્ફરન્સ બહાર મોબાઈલ મુકવાની વ્યવસ્થા હતી પણ ત્યાં બહાર પોતાનો મોબાઈલ મુકવાના બદલે અધિકારીઓએ પોતાની ગાડી બોલાવીને ગાડીમાં જ પોતાના મોબાઈલ મુકયા હતા. હર્ષ સંઘવીએ વધુમાં કહ્યુ હતુ કે બધાજ અનુભવી પોલીસ અધિકારીઓ છે, પરંતુ એ જરૂરી નથી કે તમે જે કરો છો તે જ બેસ્ટ છે, તમારા કરતા અન્ય જિલ્લામાં પણ પોલીસની કામગીરી સારી થતી હશે, અન્યોની સારી વસ્તુઓ આપણે શીખવાની છે, નવી વસ્તુઓ શીખવા માટે ઈગો બહાર મુકીને આવવુ પડશે, પોલીસ અધિકારીઓને સુચના આપી હતી કે પોતાના મોબાઈલ ફોન બહાર મુકીને આવે, બધા જ પોલીસ અધિકારીઓ પાસે બધી જ આવડત હોય તે જરૂરી નથી, વર્દી પહેરી છે પણ વર્દી બહાર મુકીને બધાના નવા વિચારો આવકારીએ, ક્રાઈમ કોન્ફરન્સમાં રાષ્ટ્રીય સુરક્ષા, સાયબર ક્રાઈમ સામેની કાર્યવાહી, નશાના દુષણ સામે ઝીરો ટોલરન્સની નીતિ, તેમજ ગુન્હાખોરી રોકવા માટેની બેસ્ટ પ્રેકટીસના વિવિધ મોડલ રજુ કરવામાં આવ્યા હતા. વિકસિત ભારત ૨૦૪૭ ના લક્ષમાં ગુજરાત પોલીસની ભુમિકા શું હોવી જોઈએ તે અંગે પણ ઉંડાણપૂર્વક વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.

## ગુજરાત સરકારે ક્રિસમસ અને આગામી નવા વરસની ઉજવણી પૂર્વે નિયમો વધુ હળવા કર્યા

# ગીફટ સીટીમાં હવે ગુજરાત બહારના રાજયના લોકો અને વિદેશીઓ માન્ય ફોટો આઈડી બતાવીને જોઈએ તેટલો દારૂ પી શકશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે ક્રિસમસ અને આગામી નવા વર્ષની ઉજવણી પૂર્વે ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સીટી એટલે કે ગીફટ સીટીમાં દારૂબંધીના નિયમોને વધુ હળવા બનાવ્યા છે.



શનિવારે જારી કરાયેલા જાહેરનામા મુજબ જેઓ ગુજરાતના નથી અને અન્ય ભારતીય રાજયનુ ફોટો ઓળખકાર્ડ છે, અથવા વિદેશી નાગરીકો છે તેઓ ગીફટ સીટીમાં ફકત ફોટો આઈડી બતાવીને દારૂ પી શકે છે અને તેમને હવે ખાસ પરમીટ માટે અરજી કરવાની જરૂર નથી.

આ જાહેરનામુ ડીસેમ્બર ૨૦૨૩ માં રજુ કરાયેલ કડક અને વધુ નિયંત્રિત નિયમોમાં છુટછાટ દર્શાવે છે. આ ઉપરાંત મહેમાનોને આવકારવા માંગતા પરમીટ ધારકો માટેના નિયમો પણ હળવા બનાવાયા છે. જે કર્મચારીઓ પાસે પહેલાથી જ દારૂની પરમીટ છે તેઓ હવે એક સમયે ૨૫ મહેમાનોને આમંત્રિત કરી શકે છે. પરમીટ વિના મહેમાનોને ખોરાક માટે વાઈન અને ડાઈન એરીયામાં મુકતપણે પ્રવેશવાની મંજુરી છે. સુત્રોએ જણાવ્યુ હતુ કે ગીફટ સીટીના કર્મચારીઓ હવે તેમના આઈડી કાર્ડ સાથે ફોર્મ એ-૧ સબમીટ કરીને દારૂની પરમીટ માટે અરજી કરી શકે છે. અગાઉ કંપનીના એચઆર વિભાગની મંજુરી ફરજીયાત હતી હવે તે જરૂરીયાત દુર કરવામાં આવી છે. જો કોઈ કર્મચારી પરમીટ પરત કર્યા વિના ગીફટ સીટી છોડી દે છે તો કંપનીઓ હવે જવાબદાર રહેશે નહી, એફએલ લાયસન્સ ધરાવતી હોટલ અને રેસ્ટોરન્ટના લોન, પુલસાઈડ વિસ્તારો, ટેરેસ અને ખાનગી હોટેલ રૂમમાં પણ હવે દારૂ પીરસી અને પી શકાશે, અગાઉ માત્ર વાઈન અને ડાઈન ઝોન સુધી આ પરવાનગી હતી.

ગીફટ સીટીના મેનેજીંગ ડીરેકટર અને ગૃપ સીઈઓ સંજય કૌલે જણાવ્યુ હતુ કે આ જાહેરનામુ એક વ્યવહારૂ પગલુ છે, ઉદ્યોગ પ્રતિનિધિઓએ જણાવ્યુ હતુ કે આ પગલુ ગુજરાતની વૈશ્વિક નાણાંકીય કેન્દ્ર બનવાની અને કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ અને ઓલિમ્પિકસ ૨૦૩૬ જેવી આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ્સના આયોજનને અનુરૂપ છે. હોટેલ્સ એન્ડ રેસ્ટોરન્સ એસોસીએશન ગુજરાતના પ્રમુખ નરેન્દ્ર સોમાણીએ આ નિર્ણયની હોસ્પિટાલીટી અને રીયલ એસ્ટેટ ક્ષેત્રો માટે મજબુત પ્રોત્સાહન ગણાવ્યુ હતું. સુત્રોએ ઉમેર્યુ હતુ કે ગૃપ પરમીટ પણ મળશે, કંપનીઓ ઈવેન્ટ્સનુ આયોજન કરી શકે છે અને ગીફટ સીટીના અધિકૃત અધિકારીઓ દ્વારા ગૃપ પરમીટ મેળવી શકે છે. દારૂ પીવાની લઘુત્તમ ઉમર ૨૧ વરસ છે.

# પશ્ચિમ રેલવેના મહાપ્રબંધકે ભાવનગર મંડળના કર્મચારીને સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તાએ સુરક્ષિત રેલ સંચાલનમાં ઉત્તમ યોગદાન આપનાર ૧૧ કર્મચારીઓને તા. ૨૨.૧૨.૨૦૨૫ના રોજ પશ્ચિમ રેલવે મુખ્યાલય, મુંબઈ ખાતે આયોજિત સમારોહમાં સન્માનિત કર્યા. નવેમ્બર ૨૦૨૫ દરમિયાન ફરજ દરમિયાન તેમની અસાધારણ સતર્કતા, જાગૃતિ અને સમર્પણના કારણે સંભવિત દુર્ઘટનાઓને અટકાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવા બદલ આ સન્માન આપવામાં આવ્યું હતું. આ અવસરે મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તાએ તમામ પુરસ્કાર વિજેતા કર્મચારીઓની પ્રશંસા કરતાં જણાવ્યું કે તેમની સતર્કતા અને કર્તવ્યનિષ્ઠા રેલવે સુરક્ષા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે અને તેઓ અન્ય કર્મચારીઓ માટે પ્રેરણાસ્રોત છે.



ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે ભાવનગર મંડળના લાઠીદડ રેલવે સ્ટેશન પર કાર્યરત શ્રી ઘનશ્યામ સી. (કાંટેવાળા)ને રેલ સંચાલનની સંરક્ષા પ્રત્યે ઊંચા સ્તરની પ્રતિબદ્ધતા અને સતર્કતા બદલ મહાપ્રબંધક સંરક્ષા પુરસ્કાર (GM Safety Award)થી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે તા. ૨૦.૧૧.૨૦૨૫ના રોજ લાઠીડડ સ્ટેશન પરથી એક માલગાડી પાસ થ્રૂ થઈ રહી હતી. તે દરમિયાન સમપાર ફાટક પર ફરજ પર તૈનાત શ્રી ઘનશ્યામ સી. (કાંટેવાળા)એ માલગાડીના સાતમા અને આઠમા વેગનમાં હોટ એક્સલના કારણે ચકો અત્યંત ગરમ (રેડ હોટ) થયેલી સ્થિતિને તરત ઓળખી લીધી. તેમણે વિલંબ કર્યા વિના ગેટ ફોન દ્વારા સ્ટેશન માસ્ટરને જાણ કરી. સ્ટેશન માસ્ટરે તાત્કાલિક વૉકી-ટૉકી દ્વારા લોકો પાયલટને માહિતી આપી, જેના પરિણામે ગાડીને બ્લોક સેક્શન ખાતે રોકી દેવામાં આવી. ત્યારબાદ સહાયક લોકો પાયલટ દ્વારા જરૂરી સુધારાત્મક કાર્યવાહી કરવામાં આવી અને સ્થિતિ સામાન્ય બન્યા બાદ માલગાડીને તેના ગંતવ્ય માટે સુરક્ષિત રીતે રવાના કરવામાં આવી. ભાવનગર મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ શ્રી ઘનશ્યામ સી. (કાંટેવાળા)ને મહાપ્રબંધક સંરક્ષા પુરસ્કાર પ્રાપ્ત કરવા બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા અને જણાવ્યું કે કર્મચારીની ત્વરિત સમજ, સતર્કતા અને જવાબદાર કાર્યશૈલીના કારણે એક સંભવિત ગંભીર દુર્ઘટનાને સમયસર ટાળવી શક્ય બની. તેમણે આ ઘટનાને રેલ સંરક્ષા પ્રત્યે ભાવનગર મંડળની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું.

## ગ્રાહક સુરક્ષા થકી 'સુશાસન'ની અનુભૂતિ

# રાજ્યભરમાં તા. ૧૮ થી ૨૪ ડિસેમ્બર સુધી 'ગ્રાહક જાગૃતિ સપ્તાહ'ની ઉજવણી

અટલ નેતૃત્વ, અવિરત વિકાસના મંત્ર સાથે રાજ્યમાં ગ્રાહકોને સુરક્ષા અપાવીને 'સુશાસન'ની અનુભૂતિ કરાવવામાં આવી રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યભરમાં તા. ૧૮ થી ૨૪ ડિસેમ્બર-૨૦૨૫ સુધી વિવિધ સ્વરૂપે 'ગ્રાહક જાગૃતિ સપ્તાહ'ની ઉજવણી કરાવવામાં આવી રહી છે. ગ્રાહકો પોતાના અધિકારો માટે સજાગ થાય, ગ્રાહકોના હિતોનું રક્ષણ થાય, અયોગ્ય વેપાર તથા ખામીયુક્ત માલ સામે ગ્રાહકોને થતી છેતરપીંડી સામે રક્ષણ આપવાના હેતુ સાથે ગ્રાહક સુરક્ષા દિવસની ઉજવણી કરવામાં આવે છે. દર વર્ષે તા. ૨૪ ડિસેમ્બરના રોજ ભારતભરમાં 'રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આ વર્ષે ગુજરાતમાં ૨૪ ડિસેમ્બરના રોજ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રી શ્રી રમણભાઈ સોલંકી અને રાજ્ય મંત્રી શ્રી પૂનમચંદ બરંડાની વિશેષ ઉપસ્થિતિમાં સરદારધામ, અમદાવાદ ખાતે રાજ્ય કક્ષાના 'રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ'ની ઉજવણી કરવામાં આવશે. આ વર્ષે કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસની ઉજવણીની "Efficient and Speedy disposal through Digital Justice" થીમ નક્કી કરવામાં આવી છે.

વધુમાં રાજ્યના માન્યતા પ્રાપ્ત ગ્રાહક મંડળો દ્વારા શાળા, કૉલેજ, સરકારી કચેરીઓ, ગ્રામીણ કક્ષાએ વિવિધ સ્થળોએ ગ્રાહક જાગૃત્તિ સંબંધિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. નિયામક, ગ્રાહક સુરક્ષા કચેરી ખાતે 'Consumer Awareness and PrOection Unit-CAPU' નામે રાજ્ય ગ્રાહક સુરક્ષા ટોલ-ફ્રી હેલ્પલાઈન ૧૮૦૦-૨૩૩-૦૨૨૨ કાર્યરત છે. જ્યાં વર્ષ ૨૦૨૫માં કુલ ૧૨,૭૫૦ જેટલા ગ્રાહકોની ફરિયાદો પરત્વે હકારાત્મક રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

ઉપરાંત નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈન નંબર ૧૯૧૫ મારફતે મળેલી ફરિયાદો પૈકી તમામ ફરિયાદોનું સમયમર્યાદામાં ગ્રાહકના હિતમાં નિરાકરણ લાવવામાં આવ્યું છે.

ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં ગ્રાહક સુરક્ષાને વધુ સુરક્ષિત કરવાના લક્ષ્યને ધ્યાને રાખીને ઓછું વજન ધરાવતાં, પેકેટ ઉપર પૂરતી વિગતો દર્શાવેલી ન હોય, MRP કરતાં વધારે ભાવ લેતાં અને સ્ટેમ્પિંગ વગરના સાધનનો વપરાશ કરતાં વિવિધ એકમો પર તોલમાપ તંત્ર દ્વારા દરોડા પાડીને કુલ ૪,૨૫૪ જેટલા કેસો કરીને રૂ. ૧.૨૫ કરોડ જેટલી માંડવાળ ફી વસૂલવામાં આવી છે. રાજ્યના તમામ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં હાલમાં e-Jagriti પોર્ટલ https://e-jagriti.gov.in પર પોતાની ફરિયાદો ઘરે બેઠા ઓનલાઈન પણ નોંધાવી શકાય છે.

રાજ્યમાં ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિને વધુ પ્રોત્સાહન આપવા શાળા-કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગ્રાહક કલ્યાણ અને ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિઓમાં સાંકળીને એમને ગ્રાહક જાગૃત્તિ સંબંધિત શિક્ષણ તેમજ ગ્રાહક તરીકે તેમના અધિકારો-ભૂમિકા અંગે જાણકારી આપવામાં આવી છે. રાજ્યમાં ગ્રાહક પ્રવૃત્તિને વધુ નાગરીકો સુધી પહોંચાડવા રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ ૨,૦૦૦ શાળા અને ૫૦૦ કોલેજ કન્ઝ્યુમર ક્લબ એમ કુલ ૨,૫૦૦ ક્લબ તૈયાર કરવામાં આવી છે. વધુમાં ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં કન્ઝ્યુમર ક્લબને રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૧.૧૯ કરોડની નાણાકીય સહાય ચૂકવવામાં આવી છે.

આ ઉપરાંત કન્ઝ્યુમર્સ અફેર્સ એન્ડ પ્રોટેકશન એજન્સી ઓફ ગુજરાત દ્વારા ગ્રાહક જાગૃત્તિ અને પ્રચાર-પ્રસારની કામગીરીને વધુ વેગ મળે તે હેતુથી વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ ૪૧ માન્યતા પ્રાપ્ત ગ્રાહક સુરક્ષા મંડળોને રૂ. ૩૨.૮૨ લાખથી વધુની નાણાકીય સહાય ચૂકવવામાં આવી છે. વધુમાં માન્યતા પ્રાપ્ત મંડળો દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬માં ગ્રાહક જાગૃતિ માટે કુલ ૧૩૫ જેટલી શિબિરો, ૬૯ જેટલા સેમિનારો, ૪૫ જેટલા વર્કશોપ, ૪૬ જેટલા પરિસંવાદો, ૧૩૮ જેટલી ગ્રામ-શેરી સભા, ૯૬ જેટલા પ્રદર્શનો અને ૭૮ જેટલા નિદર્શનોનું આયોજન કરીને સમગ્ર રાજ્યમાં કુલ ૬૦૭ કાર્યક્રમો સફળતાપૂર્વક પૂર્ણ કરાયા છે. જ્યારે આગામી સમયમાં ગ્રાહક જાગૃત્તિ અંતર્ગત ભ્રામક જાહેરાતો, ચીજ-વસ્તુઓની ખરીદી પહેલાં ધ્યાનમાં રાખવા જેવી બાબતો, ભેળસેળ યુક્ત ચીજ-વસ્તુઓની ખરીદી ન કરવા બાબતે, ઓનલાઈન નાણાકીય વ્યવહારો વગેરે વિષયો પર ડિજિટલ તેમજ પ્રિન્ટ મીડિયાના માધ્યમથી પ્રચાર-પ્રસારની કામગીરી ગ્રાહક સુરક્ષા કચેરી દ્વારા હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત સમગ્ર રાજ્યમાં જિલ્લા પુરવઠા અધિકારીઓ, મદદનીશ નિયંત્રકો, માન્યતા પ્રાપ્ત ગ્રાહક સુરક્ષા મંડળો દ્વારા સ્થાનિક શાળા/કોલેજ કન્ઝ્યુમર ક્લબો ખાતે વિકાસ સપ્તાહ-૨૦૨૫ની ઉજવણી અંતર્ગત કુલ ૨૦૦ કરતાં વધુ કાર્યક્રમો સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યા છે. -જનક દેસાઈ

## ઈસરોનું મિશન બ્લુબર્ડ બ્લોક-૨

# LVM3-M6 રોકેટ: ભારતનું શક્તિશાળી લોન્ચ વ્હીકલ

### શ્રીહરિકોટામાં સતીશ ધવન સ્પેસ સેન્ટરથી LVM3-M6 રોકેટનો ઉપયોગ કરીને લોન્ચ કરવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

ઈસરો ૨૪મી ડિસેમ્બર ૨૦૨૫ના રોજ બ્લુબર્ડ બ્લોક-૨ મિશન લોન્ચ કરવા જઈ રહ્યું છે. આ મિશન આંધ્રપ્રદેશના શ્રીહરિકોટામાં સતીશ ધવન સ્પેસ સેન્ટરથી LVM3-M6 રોકેટનો ઉપયોગ કરીને લોન્ચ કરવામાં આવશે. આ લોન્ચનો હેતુ અમેરિકામાં સ્થિત AST સ્પેસમોબાઈલના બ્લુબર્ડ બ્લોક-૨ સેટેલાઈટને લો અર્થ ઓર્બિટ (LEO)માં તહેનાત કરવાનો છે.

આ સેટેલાઈટની સૌથી મોટી ખાસિયત એ છે કે તે અવકાશ-આધારિત મોબાઈલ બ્રોડબેન્ડ સેવા પ્રદાન કરશે, જેનાથી સ્માર્ટફોન યૂઝર્સ સીધા અવકાશથી ઈન્ટરનેટ કનેક્ટિવિટીનો ઉપયોગ કરી શકશે.

શું LVM3-M6 રોકેટની શક્તિ આ મિશનને સફળ બનાવશે? LVM3-M6 એ ISROની હેવી-લિફ્ટ લોન્ચ સિસ્ટમ છે, જેમાં ત્રણ તબક્કાઓનો સમાવેશ થાય છે: બે સોલિડ સ્ટ્રેપ-ઓન બૂસ્ટર (S૨૦૦), એક લિક્વિડ-ફ્યુઅલ કોર સ્ટેજ (L૧૧૦), અને એક ક્રાયોજેનિક અપર સ્ટેજ (C૨૫). ૪૩.૫ મીટર ઊંચું અને આશરે ૬૪૦ ટન વજન ધરાવતું આ રોકેટ ૪,૨૦૦ કિલોગ્રામ સુધીના પેલોડને જીઓસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટ અથવા LEO માં લઈ જઈ શકે છે. અગાઉ, LVM૩ એ ચંદ્રયાન-૨, ચંદ્રયાન-૩ અને વનવેબ મિશન જેવા મુખ્ય પેલોડને સફળતાપૂર્વક ભ્રમણકક્ષામાં પહોંચાડ્યા છે. બ્લુબર્ડ બ્લોક-૨ સેટેલાઈટ LEOમાં લોન્ચ કરાયેલો અત્યાર સુધીનો સૌથી મોટો કોમર્શિયલ કોમ્યુનિકેશન સેટેલાઈટ છે. તેનો ધ્યેય વિશિષ્ટ ઉપકરણોની જરૂર વગર મોબાઈલ સ્માર્ટફોન પર સીધી અવકાશ-આધારિત બ્રોડબેન્ડ સેવાઓ પ્રદાન કરવાનો છે. આનો અર્થ એ છે કે યૂઝર્સ કોઈપણ સ્થાને તેમના સ્માર્ટફોનથી હાઈ-સ્પીડ ઈન્ટરનેટનો ઉપયોગ કરી શકે છે.

આ ઉપગ્રહ નવી પેઢીની ટેકનોલોજી પર આધારિત છે અને ભારતના વાણિજ્યિક અવકાશ ક્ષેત્રમાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ માનવામાં આવે છે.

શું આ લોન્ચ ભારતની અવકાશ ક્ષમતાઓને નવી ઊંચાઈઓ પર લઈ જશે? બ્લુબર્ડ બ્લોક-૨ મિશન ભારતના અવકાશ ક્ષેત્રમાં વાણિજ્યિક લોન્ચની વધતી જતી ભૂમિકા પર ભાર મૂકે છે. LVM3-M6ની છઠ્ઠી ઓપરેશનલ ફ્લાઈટ તરીકે, આ મિશન ISRO માટે એક નવો સીમાચિહ્નરૂપ બનશે. આ લોન્ચ ભારતને અવકાશ-સંબંધિત સ્માર્ટફોન કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સમાં અગ્રણી સ્થાન આપી શકે છે.

બ્લુબર્ડ બ્લોક-૨ મિશન ૨૪મી ડિસેમ્બરે સવારે ૮:૫૪ વાગ્યે લોન્ચ થશે. આ ઐતિહાસિક મિશનને ઓનલાઈન લાઈવ જોઈ શકાય છે. આ મિશન ફક્ત ઈસરોની ટેકનોલોજીકલ ક્ષમતાઓનું પ્રદર્શન જ નહીં પરંતુ અવકાશ-આધારિત બ્રોડબેન્ડ સેવાઓના ભવિષ્યને પણ આકાર આપશે.

# આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાને પેઈનનો દુઃખાવો થતા લાંબી રજા પરઃ મંત્રીની ગેરહાજરી માં એનએચએમ દ્વારા ભરતી પર રોક લગાડી દેવામાં આવતા રોષ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાને પેઈનના દુઃખાવાની તકલીફ થતા મંત્રી લાંબી રજા ઉપર ગયા છે, હાલમાં ડોકટરની સલાહ પ્રમાણે આરામ લઈ રહ્યા છે,



આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાને પેઈનના દુઃખાવાની તકલીફ થતા મંત્રી છેલ્લા કેટલાક દિવસોથી ડોકટરની સલાહ પ્રમાણે નિવાસસ્થાને આરામ લઈ રહ્યા છે. તો બીજી તરફ મંત્રીની ગેરહાજરીમાં એનએચએમ ભરતી પર રોક લગાડી દેવામાં આવતા ચર્ચાનો વિષય બનવા પામ્યો છે. કમિશ્નર આરોગ્ય (રૂરલ) દ્વારા અચાનક રાજયની જિલ્લા પંચાયતોમાં ખાલી પડેલ જગ્યાઓની ભરતી પૂર્ણતાના આરે હતી ત્યારે અચાનક ભરતી પર રોક લગાડી દેવામાં આવતા પ્રજામાં રોષ ભભુકી ઉઠયો છે. રોજગારી આપવાની વાત તો દુર રહી પરંતુ મળતી રોજગારી ઉપર પણ તંત્ર દ્વારા રોક લગાડી દેવામાં આવી છે. આરોગ્ય અધિકારીએ કહ્યુ હતુ કે આ ભરતી મેરીટના આધારે થવાની હતી, આચાર સંહિતા લાગે તે અગાઉ ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી દેવાની હતી પરંતુ કમિશ્નર આરોગ્ય (રૂરલ) દ્વારા ભરતી પર રોક લગાડી દેવામાં આવતા તંત્ર સામે નારાજગી વર્તાઈ જવા પામી છે. તો બીજી તરફ એવુ પણ ચર્ચાયુ હતુ કે મંત્રી પ્રફુલ પાનસેરીયા સાથે સમિક્ષા બેઠક કર્યા વગર આડેધડ અચાનક નેશનલ હેલ્થ મિશન દ્વારા ભરતી પર રોક લગાડી દેવામાં આવતા ચર્ચાનો દોર શરૂ થવા પામ્યો છે.

# એલઆરડી ભરતીમાં હવે નિમણુંક પત્ર મળેલ કર્મીઓને પોતાનો જિલ્લો આપવામાં આવશેઃ ઘરથી દુર નોકરીનુ ટેન્શન ગયુ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે પોલીસ વિભાગમાં જોડાયેલા હજારો યુવાનો માટે એક ક્રાંતિકારી અને ઐતિહાસિક નિર્ણય લીધો છે, રાજયના ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ જાહેરાત કરી હતી કે હવે થી એલઆરડી જવાનોને તેમની પસંદગીનો જીલ્લો ફાળવવામાં આવશે, આ ઐતિહાસિક જાહેરાત સાથે જ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે ગાંધીનગર ખાતે ૧૧૬૦૭ નવનિયુકત લોકરક્ષક દળના જવાનોને નિમણુંક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

ગુજરાત પોલીસદળમાં જોડાવા ઈચ્છતા અને મહેનત કરી રહેલા યુવાનો માટે સરકાર દ્વારા રાહતના સમાચાર આપ્યા છે. રાજય સરકાર દ્વારા એલઆરડી (લોકરક્ષક દળ) ના જવાનો માટે એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. ગૃહરાજય મંત્રી હર્ષ સંઘવીએ કાર્યક્રમ દરમિયાન જણાવ્યુ હતુ કે ગુજરાતના ઈતિહાસમાં આ પ્રથમ ઘટના છે. જયારે એલઆરડી માં નિમણુંક પામેલા જવાનોને જિલ્લા પસંદગીનો વિકલ્પ આપવામાં આવશે. અગાઉ આ પ્રથા ન હતી પરંતુ હવે ઉમેદવારો પોતાની અનુકુળતા મુજબ જિલ્લો પસંદ કરી શકશે. જે તેમના પરીવાર અને નોકરી વચ્ચે સંતુલન જાળવવામાં મદદરૂપ થશે. ગાંધીનગર ખાતે યોજાયેલા ભવ્ય કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના વરદ હસ્તે કુલ ૧૧૬૦૭ નવનિયુકત જવાનોને સત્તાવાર રીતે પોલીસદળમાં સામેલ કરવામાં આવ્યા હતા અને નિમણુંક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ લોકરક્ષક કેડરની ભરતી પ્રક્રિયામાં કુલ ૧૧૮૯૯ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી. આંકડાકીય વિગતો જોઈએ તો તેમાં ૮૭૮૨ પુરૂષ અને ૩૧૧૭ મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે. હાલમાં જે ઉમેદવારોનુ ડોકયુમેન્ટ વેરીફીકેશન પુર્ણ થયુ છે તેમને ઓર્ડર આપવામાં આવ્યા છે. જયારે બાકી રહેલા ૨૯૨ ઉમેદવારોની ચકાસણી પ્રક્રિયા ચાલુ હોવાથી તેમને ટુંક સમયમાં નિમણુંક આપવામાં આવશે, આ પ્રસંગે પોલીસ હાઉસિંગ અને જેલ રાજયમંત્રી કમલેશ પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. નવનિયુકત જવાનોને પ્રાત્સાહિત કરતા અને શીખામણ આપતા ગૃહરાજય મંત્રી હર્ષ સંઘવીએ ખુબ જ માર્મિક વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે તમારા માતા પિતાએ તનતોડ મહેનત કરીને તમને પોલીસમાં મોકલ્યા છે, તેમનુ સન્માન જળવાય તે રીતે ફરજ બજાવજો, તેમણે વધુમાં કહ્યુ કે હોદો કે સત્તા લાંબો સમય ટકતા નથી પરંતુ નાગરીકો સાથે પ્રેમ અને લાગણીથી બનાવેલા સંબંધો કાયમ ટકી રહે છે. ખાખી વર્દીની તાકાત વિશે વાત કરતા તેમણે કહ્યુ કે સામાન્ય વર્દી કરતા ખાખી માં અનેકગણો દમ છે અને સમાજના દુષણો દુર કરવાની સાચી શકિત આ વર્દીમાં રહેલી છે. લોકો સાથે માનવીય અભિગમ રાખવા પર તેમણે ભાર મુકયો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત મનોજકુમાર દાસે ભરતીબોર્ડના અધ્યક્ષ નિરજા ગોટરૂ ને ખાસ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે આટલી મોટી ભરતી પ્રક્રિયા એકપણ ફરીયાદ કે વિવાદ વગર પુર્ણ થઈ છે. જે ગર્વની બાબત છે. નવનિયુકત પોલીસકર્મીઓને શીખ આપતા તેમણે કહ્યુ કે પોલીસ સ્ટેશનમાં તમારી પાસે દરેક પ્રકારના લોકો આવશે, ગુન્હેગારો પણ આવશે અને પીડીતો પણ આવશે, તમારે દરેક સાથે સંવેદનશીલતા અને માનવતા દાખવીને કામ કરવાનુ છે.

# સરકારી તંત્રમાં ભારે ખળભળાટઃ સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર રાજેન્દ્ર પટેલ અને નાયબ મામલતદાર ના નિવાસસ્થાને ઈડી ત્રાટકી

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરેન્દ્રનગર જિલ્લામાં આજે મંગળવારે વહેલી સવારે એન્ફોર્સમેન્ટ ડીરેકટોરેટ (ઈડી) દ્વારા દરોડાની કાર્યવાહીથી સરકારી તંત્રમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.

સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર ડો.રાજેન્દ્ર પટેલ તેમજ ડે.મામલતદાર ચંદ્રસિંહ મોરી ના નિવાસસ્થાને ઈડીએ સર્ચ ઓપરેશન શરૂ કરતા સમગ્ર જિલ્લામાં ચર્ચાનો માહોલ સર્જાયો હતો. અચાનક થયેલી આ કાર્યવાહીથી અધિકારીઓ અને કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ઉઠયો હોવાનુ જાણવા મળ્યુ હતું. તપાસ થયા બાદ અનેક બેનામી સંપત્તિઓના ખુલાસા થાય તેવી શકયતા જોવા મળી રહી છે. મળતી માહિતી મુજબ ડો.રાજેન્દ્ર પટેલ



૨૦૧૫ ની બેચના આઈએએસ અધિકારી છે અને હાલમાં સુરેન્દ્રનગર જિલ્લાના કલેકટર તરીકે ફરજ બજાવી રહ્યા છે. આજે મંગળવારે વહેલી સવારથી તેમના સરકારી નિવાસસ્થાને ઈડી ની ટીમ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતું. તપાસ દરમિયાન વિવિધ દસ્તાવેજો, ફાઈલો અને નાણાંકીય લેવડ દેવડ સંબંધીત માહિતીની ચકાસણી કરવામાં આવી રહી હોવાનુ સુત્રો દ્વારા જાણવા મળ્યુ હતું. આ ઉપરાંત નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના નિવાસસ્થાને પણ ઈડી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. બંને અધિકારીઓ સાથે સંકળાયેલા બેનામી વ્યવહારો અને શંકાસ્પદ નાણાંકીય લેવડ દેવડ અંગે તપાસ કરવામાં આવી રહી હોવાનુ શકયતા દર્શાવવામાં આવી હતી. જો કે ઈડી દ્વારા સત્તાવાર રીતે તપાસના મુદ્દા અંગે કોઈ સ્પષ્ટ માહિતી જાહેર કરવામાં આવી ન હતી. ઈડીની કાર્યવાહી દરમિયાન સુરેક્ષાનો કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને કોઈપણ બહારના વ્યકિતને નિવાસસ્થાને પ્રવેશ આપવામાં આવ્યો ન હતો. સર્ચ ઓપરેશન લાંબા સમય સુધી ચાલે તેવી પણ શકયતા રહેલી છે. તપાસ પુર્ણ થયા બાદ જ સમગ્ર મામલે વધુ સ્પષ્ટતા થવાની શકયતા છે. આ ઘટનાને લઈને રાજકીય અને વહિવટી વર્તુળોમાં પણ ચર્ચા તેજ બની છે. સરકારી તંત્રમાં ઉચ્ચ અધિકારીઓ સામે આવી કાર્યવાહી થતા પારદર્શિતા અને જવાબદારી અંગે ફરી એક વખત ચર્ચા ઉભી થઈ છે. લોકો હવે ઈડીની તપાસના પરીણામોની રાહ જોઈ રહ્યા છે અને જો આરોપો સાબિત થાય તો કડક કાર્યવાહી થવાની અપેક્ષા વ્યકત કરી રહ્યા છે.

# ગાંધીનગરની ગીફટ સીટીમાં દારૂની છુટછાટને લઈ ભગવા સેનાએ કર્યો વિરોધઃ ગાંધીના ગુજરાતમાં આ નિર્ણય અયોગ્યઃ અમે કોર્ટમાં જઈશુ : ભગવા સેના

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર સ્થિત ગીફટ સીટીમાં શરાબના નિયમોમાં સરકાર દ્વારા આપવામાં આવેલી છુટછાટને લઈ વિવાદ વકર્યો છે.

ભગવા સેના ભારતના રાષ્ટ્રીય અધ્યક્ષે આ નિર્ણય સામે આકરૂ વલણ અપનાવતા જણાવ્યુ હતુ કે ગીફટ સીટીમાં દારૂ પીવાની છુટ આપી એ અત્યંત અયોગ્ય નિર્ણય છે અને તેનાથી રાજયની સંસ્કૃતિને નુકશાન થશે, રાષ્ટ્રીય અધ્યક્ષે નિવેદન આપતા કહ્યુ હતુ કે ગુજરાતમાં વરસોથી કડક દારૂબંધી હોવા છતાં રાજયએ



સર્વાંગી વિકાસ કર્યો છે. આવી સ્થિતીમાં માત્ર ગીફટ સીટી માટે છુટછાટ આપવી એ તર્ક સંગત નથી.

ગાંધીનગરમાં દારૂની છુટ આપવાથી યુવા વર્ગ પર તેની વિપરીત અસર પડશે અને સામાજિક મુલ્યોનુ પતન થશે. તેમણે આક્ષેપ કર્યો હતો કે સરકાર આ નિર્ણય દ્વારા ગીફટ સીટીની છબીને દાગી કરી રહી છે. ભગવા સેનાએ સ્પષ્ટ કહ્યુ હતુ કે જો સરકાર આ નિર્ણય પરત નહી ખેંચે તો તેઓ રોડ રસ્તા પર ઉતરી આંદોલન કરશે. આ ઉપરાંત દારૂબંધીના કડક અમલ માટે તેઓ કોર્ટનો સહારો લેવાની પણ તૈયારી કરી રહ્યા છે. આ મુદ્દે આગામી દિવસોમાં સરકાર અને સંગઠનો વચ્ચે ઘર્ષણ વધવાની પુરેપુરી શકયતા છે.

# દાદરા નગર હવેલીમાંથી ચાઈનીઝ દોરીની ફેક્ટરી ઝડપી, ૨.૩૪ કરોડનો મુદ્દામાલ જપ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય એસ.ઓ.જી.એ ઉત્તરાયણ પહેલાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. સાણંદ, બાવળા, કોઠ અને આણંદમાં પાડવામાં આવેલા દરોડાના તાર છેક દાદરા નગર હવેલી સુધી પહોંચ્યા હતા. બાદમાં એસ.ઓ.જીની ટીમે દાદરા નગરમાં ધમધમતી ગેરકાયદે ચાઈનીઝ દોરી બનાવતી કંપનીને પણ ઝડપી પાડી છે. આ સમગ્ર કાર્યવાહી દરમિયાન પોલીસે કુલ ૫૨,૦૦૦ જેટલી પ્રતિબંધિત ફિરકીઓ અને મશિનરી સહિત કુલ ૨.૩૪ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

સાણંદ, બાવળા અને આણંદમાં દરોડા

આ ઓપરેશનની શરૂઆત વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં થયેલા દરોડાથી થઈ હતી. સાણંદના રણમલ ગઢ ગામના સીમમાંથી ૭.૪૮ લાખની ૧૮૭૨ રીલ સાથે ચાર શખસો, બાવળાની ફેક્ટરીમાંથી ૧૨.૯૧ લાખની ૩૮૬૪ ફિરકી સાથે એક શખસ અને કોઠ પાસે આઈસર ગાડીમાંથી ૧૨.૧૫ લાખના મુદ્દામાલ સાથે બે શખસોની ધરપકડ કરવામાં આવી હતી. આ ઉપરાંત, આણંદ ટાઉન પોલીસ સાથે મળીને ૨.૦૧ લાખની ૬૭૨ ફિરકી પણ જપ્ત કરવામાં આવી હતી. આ તમામ આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું હતું કે પ્રતિબંધિત દોરીનો આ જથ્થો વાપીના વિરેનકુમાર બાબુભાઈ પટેલ દ્વારા મોકલવામાં આવતો હતો.

તપાસના અંતે જીંની ટીમે દાદરા નગર હવેલી ખાતે આવેલી 'વંદના ઈન્ડસ્ટ્રીઝ' પર દરોડો પાડ્યો હતો, જ્યાં ગેરકાયદે સિન્થેટિક (ચાઈનીઝ) દોરીનું ઉત્પાદન કરવામાં આવતું હતું. અહીંથી પોલીસે ૧.૫૦ કરોડની કિંમતની ૪૩,૧૯૨ રીલ અને ૫૦ લાખની મશીનરી તથા રો-મટીરિયલ સીઝ કર્યું છે.

આમ, અલગ-અલગ સ્થળોએથી કુલ ૧.૮૨ કરોડની કિંમતની ૫૨,૦૦૦ ફિરકીઓ અને વાહનો-મોબાઈલ સહિત કુલ ૨.૩૪ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે પ્રતિબંધિત દોરીના મસમોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે.

# ડેડીયાપાડા બાદ સાબરકાંઠા જિલ્લાને ચૈતર વસાવાએ હંફાવી નાંખ્યોઃ ખેરોજમાં અરવલ્લી બચાવો સભામાં લાખોની જનમેદની ઉમટી પડી

## અરવલ્લી પર્વતમાળા બચાવવા આમ આદમી પાર્ટીનુ પ્રદર્શનઃ ભાજપ પર બેનામી ખાણ ખનીજ કામનો આરોપ





પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના ખેરોજ ખાતે આજે ૨૩ ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ અરવલ્લી બચાવો અભિયાન અંતર્ગત મોટી જાહેરસભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં લાખોની સંખ્યામાં આદિવાસી સમાજના લોકો ઉમટી પડયા હતા. ડેડીયાપાડા બાદ ચૈતર વસાવા એ સાબરકાંઠા જિલ્લાને હંફાવી નાંખ્યુ છે. આ સભામાં ડેડીયાપાડાના ધારાસભ્ય અને આમ આદમી પાર્ટીના પ્રમુખ નેતા ચૈતર વસાવા મુખ્ય અતિથિ તરીકે પહોચ્યા હતા. આ ઉપરાંત યુવરાજસિંહ જાડેજા, નિરંજન વસાવા સહિત અનેક આમ આદમી પાર્ટી નેતાઓ અને કાર્યકર્તાઓએ હાજરી આપી હતી. મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો પણ આ સભામાં જોડાયા હતા અને અરવલ્લી પર્વતમાળાને બચાવવા માટે એક જુટ થઈને વિરોધ નોંધાવ્યો હતો. અરવલ્લી પર્વતમાળા દિલ્હીથી લઈને હરીયાણા, રાજસ્થાન અને ગુજરાત સુધી ફેલાયેલી છે અને તે વિશ્વની સૌથી જુની પર્વતમાળાઓમાંની એક છે, તાજેતરમાં સુપ્રિમ કોર્ટે અરવલ્લી ની વ્યાખ્યા અંગેનો ચુકાદો આપ્યો છે. જેમાં માત્ર ૧૦૦ મીટર થી વધુ ઉંચાઈવાળી ટેકરીઓને જ અરવલ્લી તરીકે ગણવામાં આવશે, આ ચુકાદા બાદ દેશભરમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. કારણ કે આનાથી ૯૦ ટકા થી વધુ અરવલ્લી વિસ્તાર સુરક્ષાથી બહાર થઈ જશે અને ખાણ કામ તેમજ અન્ય વિકાસ કર્યોને માર્ગ મોકળો થઈ શકે છે.

આમ આદમી પાર્ટી દ્વારા ખેરોજ ખાતે આયોજીત આ જાહેરસભામાં ભારે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. વકતાઓએ કેન્દ્રની ભાજપ સરકાર પર આકરા આરોપો લગાવ્યા હતા કે અરવલ્લી પર્વતમાળાને ખાણ કામ માટે ખુલ્લી મુકી દેવામાં આવી રહી છે. તેમણે વધુમાં કહ્યુ કે અરવલ્લી ભાજપે બનાવી નથી. તે આદિ અનાદિકાળથી અસ્તિત્વમાં છે અને તે આદિવાસી સમાજનુ જીવન છે, અરવલ્લી થર રણના વિસ્તારને રોકે છે, પાણીના સ્ત્રોતોને જાળવે છે અને જે વિવિધતાનુ રક્ષણ કરે છે, આ ચુકાદાથી જળ, જમીન અને જંગલનુ અસ્તિત્વ જોખમમાં મુકાશે, સભામાં ચૈતર વસાવા અને અન્ય નેતાઓએ જાહેર કર્યુ કે આવનારા દિવસોમાં અરવલ્લી બચાવવા માટે ગાંધીનગર સુધી કુચ કરવામાં આવશે. આ અભિયાનને વધુ તીવ્ર બનાવવા માટે વધુ સભાઓ અને પ્રદર્શનોનુ આયોજન કરવામાં આવશે. આદિવાસી સમાજે પણ આ અભિયાનમાં પૂર્ણ સમર્થન આપ્યુ છે અને તેમના હક્કોનુ રક્ષણ કરવા માટે એક જુટ થયા છે. આ ઘટનાથી ગુજરાતમાં પર્યાવરણ અને આદિવાસી હક્કો ના મુદ્દે નવી ચર્ચા શરૂ થઈ છે. સ્થાનિક લોકો અને પર્યાવરણવાદીઓ માને છે કે અરવલ્લી નુ રક્ષણ નહી થાય તો ભવિષ્યમાં પાણીની અછત, રણવિસ્તાર અને પ્રદુષણની સમસ્યા વકરશે, આ અભિયાનને દેશભરમાંથી સમર્થન મળી રહ્યુ છે અને વધુ કાર્યવાહીની રાહ જોવાઈ રહી છે.

# વડાપ્રધાન મોદીના કાર્યક્રમના ખર્ચા અંગે ચૈતર વસાવાએ કહ્યુ ૭ કરોડનો મંડપ, ૩ કરોડનો ડોમ, ૫ કરોડનો સ્ટેજ, ૨ કરોડનો ચા-નાસ્તો અને ૭ કરોડનો બસનો ખર્ચ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડેડીયાપાડા સહિતના કાર્યક્રમોમાં જે ખર્ચ કરવામાં આવ્યો છે તે મુદ્દે આજે મંગળવારે આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ પ્રેસ કોન્ફરન્સ યોજી પોતાનુ નિવેદન આપતા જણાવ્યુ હતુ કે આદિવાસી લોકોએ પણ ગૌરવ દિવસની ઉજવણી કરી અને વડાપ્રધાન મોદી પણ ઉજવણી કરે તેની સામે અમને વાંધો નથી, પરંતુ અધિકારીઓ દ્વારા જે કરોડો રૂપીયાના વાઉચર બનાવીને જે ધુમાડા કરવામાં આવ્યા છે, આ પૈસા ભાજપના સાંસદ કે પાર્ટીના નથી, પરંતુ આદિવાસી સમાજના લોકોના વિકાસના પૈસા છે,



વિકાસપર્વ, અમૃત મહોત્સવ, ગૌરવયાત્રા, યુનિટી માર્ચ માં કરોડો નો ધુમાડો, પરંતુ અમારા લોકોનુ કુપોષણ કયારે દુર થશે ? સીકલ સેલની સમસ્યા કયારે દુર થશે ? આંગણવાડીઓ કયારે બનશે ? શાળાઓ કયારે બનશે ? અમારા લોકોને રોજગારી કયારે મળશે ? આ બધી બાબતોનો ખુલાસો કરવાનો હોય, ભાજપના સાંસદ મનસુખ વસાવાએ જિલ્લા પ્રમુખ સાથે ૧૦ કરોડનુ કમલમ બનાવ્યુ તો એ કોના પૈસાથી બનાવ્યુ ? અમે નાની ભાડાની ઓફીસમાં બેસીને કામકાજ કરીએ છીએ પરંતુ ભાજપનુ કમલમ કોના પૈસાથી બન્યુ ? તેનો ખુલાસો કરવામાં આવે, નરેન્દ્ર મોદીના કાર્યક્રમમાં ૧૩૪૦ બસો ફાળવવામાં આવી હતી અને ૨૦ બસને લીલીઝંડી આપવામાં આવી હતી. આજે ત્યાં એકપણ બસ નથી, બસ કયાં ગઈ તેની કોઈ માહિતી નથી, લોકો અમને પુછે છે કે મોદી સાહેબ આવ્યા ત્યારે બસ ફાળવવામાં આવી તો અમારી સાઈડ એકપણ બસ મુકી નથી, ડીજીવીસીએલ ને પણ ટ્રાયબલ સબ પ્લાન ૧,૧૬,૭૩,૦૦૦ કરોડ રૂપીયા આ પ્રોગ્રામમાં ખર્ચવા માટેની ગ્રાન્ટ આપવામા આવી છે. એસટી નિગમના વિભાગને ૬ કરોડ રૂપીયા ફાળવવામાં આવ્યા, જે પણ એજન્સીઓને બીલો ચુકવવામાં આવ્યા છે, આ તમામ એજન્સીઓ ભાજપને લાગતા વળગતાઓની એજન્સીઓ છે, કોઈપણ જાતના ટેન્ડર બહાર પાડયા વગર અને ટેન્ડર નિયમોને નેવે મુકીને બારોબાર કરોડો રૂપીયાની લ્હાણી અધિકારીઓ દ્વારા કરવામાં આવી છે. તો બીજી તરફ આંગણવાડી માટે, શાળાના ઓરડા માટે, કુપોષિત બાળકો માટે ગ્રાન્ટ નથી, આ કયા વિકાસની વાત કરે છે ? વડાપ્રધાન આવે ત્યારે પ્રોગ્રામમાં ખર્ચો થાય તે અમે પણ માનીએ છીએ , પરંતુ આ પ્રકારના કરોડોના ખર્ચા કરીને નર્મદા જિલ્લાની બધી ગ્રાન્ટ પુરી કરવામાં આવી છે. આ ગ્રાન્ટમાં જે તે અધિકારીઓ, કોન્ટ્રાકટરો અને ભાજપના લાગતા વળગતા નેતાઓ સંકળાયેલા હોય તે તમામ પર તપાસ કરીને રકમ પુનઃ જમા કરવામાં આવે તેવી અમારી માંગણી છે. આદિવાસી બાળકોની રકમ આ રીતે અમે વાપરવા દઈશુ નહી, પ્રજાના પૈસાની દિવાળી કરવા દઈશુ નહી, અમારી માંગણી છે કે જે પણ અધિકારીઓએ આ પ્રકારના બીલો મુકયા છે તેની પર સીઆઈડી દ્વારા તપાસ કરી અઠવાડીયાની અંદર એફઆઈઆર કરી કાર્યવાહી કરવામાં આવે. જો અઠવાડીયા સુધીમાં આ નહી થાય તો આવનાર દિવસોમાં નર્મદા જિલ્લાના તમામ લોકોને સાથે રાખીને કલેકટર કચેરી, એસપી કચેરી સહિત અમારે આંદોલન કરવુ પડે તો પણ અમે આંદોલન કરીશુ.

# અજમેર દરગાહના ઉર્સ પર કેન્દ્રીય મંત્રી કિરેન રીજજુ એ દરગાહ પર ચાદર અર્પણ કરીઃ પરંપરાગત પાઘડી સમારંભ સાથે સ્વાગત કર્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્રીય લઘુમતિ બાબતોના મંત્રી કિરેન રીજજુ ગઈ કાલે સોમવારે અજમેર પહોચ્યા હતા અને ભારત સરકાર વતી સુફી સંત ખ્વાજા મોઈનુદ્દીન ચિસ્તી (ર.અ.) ની પવિત્ર દરગાહ પર બીજી વખત ચાદર ચઢાવી હતી, દરગાહ સંકુલમાં સ્થિત મહેફીલ ખાનામાં, દરગાહ દિવાનના ઉત્તરાધિકારી સૈયદ નશીરૂદ્દીન ચિસ્તીએ દરગાહ સમિતિના સભ્યો સાથે પરંપરાગત પાઘડી પહેરાવી તેમનુ સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે દરગાહ સંકુલમાં સુફી ઉત્સાહ અને ભકિતનુ વાતાવરણ છવાઈ ગયુ હતું.



કેન્દ્રીય મંત્રી કિરેન રીજજુ એ ખ્વાજા ગરીબ નવાજની દરગાહ પર ચાદર ચઢાવી અને દેશમાં શાંતિ, સુલેહ-શાંતિ અને ભાઈચારો તેમજ સમૃધ્ધિ માટે પ્રાર્થના કરી હતી. તેમણે ખ્વાજા સાહેબના ૮૧૪ માં વાર્ષિક ઉર્સ પર સૌની અભિનંદન પાઠવતા કહ્યુ હતુ કે અજમેર દરગાહ સમગ્ર વિશ્વને પ્રેમ, સંવાદીતા અને માનવતાનો સંદેશ આપે છે તેમણે એવુ પણ કહ્યુ કે ખ્વાજા ગરીબ નવાઝની દરગાહ પર પ્રાર્થના કરાયેલી ઈચ્છાઓ પુર્ણ થાય છે. કેન્દ્રીય મંત્રીએ માહિતી આપી હતી કે આ ચાદર વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ તમામ કેન્દ્રીય મંત્રીઓ વતી અર્પણ કરવામાં આવી હતી. મખમલ ચાદર અને ભકિતના ફુલો લઈને તેઓ ગરીબ નવાઝની પવિત્ર દરગાહ પર પહોચ્યા હતા, દેશ અને વિશ્વમાં શાંતિ અને સુમેળ માટે પ્રાર્થના કરી હતી.

આ પ્રસંગે દરગાહના ગદ્દીનશીનો, હાજી સલમાન ચિસ્તિ, સૈયદ અફસાન ચિસ્તી એ કેન્દ્રીય મંત્રી કિરેન રિજજુ ને યાત્રા માટે બોલાવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉર્સ ની શુભેચ્છા પાઠવતા અને દેશ અને વિશ્વમાં શાંતિ, સુલેહ અને ભાઈચારાની પ્રાર્થના કરતો સંદેશ દરગાહ પરીસરમાં ખાસ આદર સાથે પ્રાપ્ત થયો, ચાદર પોશી દરમિયાન મહેફીલ ખાનામાં પ્રાર્થના ચાલુ રહી હતી અને મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ હાજર રહ્યા હતા. મંત્રીના આગમનની અપેક્ષાએ દરગાહ સંકુલ અને તેની આસપાસ કડક પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. કેન્દ્રીય કૃષિ અને ખેડુત કલ્યાણ રાજય મંત્રી ભગીરથ ચૌધરી, રાજસ્થાન સરકારના જળસંસાધન મંત્રી સુરેશસિંહ રાવત, ભાજપ શહેર પ્રમુખ રમેશ સોની અને અનેક જનપ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમ શાંતિ પૂર્ણ અને વ્યવસ્થિત રીતે યોજાયો હતો.

# કડોદરામાં થર્મોકોલના ગોડાઉનમાં ભીષણ આગ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના કડોદરા ખાતે આવેલ એક થર્મોકોલના ગોડાઉનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં હડકંપ મચી ગયો હતો. પ્રાથમિક માહિતી મુજબ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. ગોડાઉનમાં મોટા પ્રમાણમાં થર્મોકોલના દાણા સંગ્રહિત હોવાથી આગે થોડા જ સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.

આગ લાગતાની સાથે જ ગોડાઉન આસપાસ અફરાતફરી સર્જાઈ હતી. ગોડાઉનની બાજુમાં જ વીજ થાંભલો આવેલ હોવાથી વધુ શોર્ટ સર્કિટ થવાની ઘટના બની હતી, જેના કારણે આગ વધુ ફેલાઈ હતી. આ આગની ઝપેટમાં થર્મોકોલના ગોડાઉનની બાજુમાં આવેલ લેથ મશીનોનું કારખાનું પણ આવી જતા નુકસાનની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.આગની જાણ થતાં જ બારડોલી, પલસાણા અને કડોદરા ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. આગ એટલી ભયાનક હતી કે તેના ધુમાડાના ગોટેગોટા બે કિલોમીટર દૂર સુધી દેખાયા હતા.

આગની ઘટનાને પગલે કડોદરા વિસ્તારમાંથી પસાર થતો અંદાજે બે કિલોમીટર સુધીનો ટ્રાફિક વ્યવહાર જામ થઈ ગયો હતો, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. હાલ આગ પર કાબૂ મેળવવાની કાર્યવાહી ચાલુ છે.